Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुज्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश




{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

शान्तिः स्वान्तप्ररूढा जवति जवततिञ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोऽह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाम्जः
आत्मानन्दप्रकाशो यदि जवति नृणां जावभृद्–हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४० आश्विन आत्म सं. १९. { अंक ३ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा, भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧–૨ | પ્રભુ સ્તુતિ, ગુરૂ સ્તુતિ. ... | ૫૭ |
| ૩ | ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજીનું ચતુર્દશ મુનિસહ ગુણગ્રામદર્શક પદ. | ૫૮ |
| ૪ | કૌતુકથી શું ધર્મપ્રાપ્તિ થાય છે ?... | ૫૯ |
| ૫ | પવિત્ર આશ્વાસન. ... ... | ૬૧ |
| ૬ | પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું ધર્મ સંબંધી ભાષણ (૩) ... | ૬૬ |
| ૭ | અઢાર પાપસ્થાનક (રાગ) પદ. ... | ૭૬ |
| ૮ | સંવત્સરી ખામણ[illegible]નો સંબંધ અને પ્રત્યુત્તર. ... | ૭૭ |
| ૯ | સર્વ દુઃખનું કારણ ... ... | ૮૦ |
| ૧૦ | શ્રી પાર્શ્વજિન સ્તવન. ... ... | ૮૧ |
| ૧૧ | જીવદયાનો ફેલાવો. ... ... ... | ૮૨ |
| ૧૨ | વર્ત્તમાન સમાચાર ... ... | ૮૩ |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ ૪ આના

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જયશેખર સૂરિ વિરચિત,
# " શ્રી જંબૂસ્વામિ ચરિત્ર "
કીંમત રૂા. ૦-૮-૦
( ગુર્જર—અનુવાદ. )

અમારા માનવંતા ગ્રાહકો પાસે જેટલું જેટલું લવાજમ લેણું હતું તેમને તેટલા તેટલા પુરતા પૈસાનું વેલ્યુપેબલ કરી ઉકત ગ્રંથ મોકલવો શરૂ કરવામાં આવેલ હતો. જે કદરદાન ગ્રાહકોએ વી. પી. સ્વીકારી માસિકની કદર કરી છે એઓનો ઉપકાર માનીયે છીયે અને કેટલાક પ્રમાદિ અથવા જ્ઞાન દોષને નહિં લેખવનારા ગ્રાહકોએ વી. પી. પાછું વાળી નાહક નુકસાન કરેલ છે; જેથી જેઓએ પાછા વાળેલ છે, તેઓને ફરી મોકલવામાં આવે છે જેથી તેઓ એ સ્વીકારી દેવામાંથી મુકત થવું અને હવે પછી આ માસિકના ગ્રાહક ન રહેવું હોય તો અમોને લખી જણાવવું.

## ગ્રંથાવલોકન.

**શ્રી આત્મવિલાસ સ્તવનાવળી,** આ ગ્રંથ અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. ઉક્ત ગ્રંથમાં શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) કૃત ચોવીશો, ભાવના અને છુટક સ્તવનો પ્રથમ ભાગમાં આવેલા છે. બીજા ભાગમાં ઉક્ત મહાત્માના પગલે ચાલનારા તેમના શિષ્ય, શાંતમૂર્ત્તિ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજીકૃત સ્તવનો મોટી સંખ્યામાં આવેલા છે. આ બંને કૃતિ ઘણીજ સરલ, સુંદર, રસદ્રાવક અને ભાવોલ્લાસ કરનારી છે. આદ્યંત વાંચનારને અપૂર્વ આલ્હાદ ઉત્પન્ન થાય તેમ છે. માત્ર ભેટ આપવા નિમિત્તે કલકત્તા નિવાસી ગુરૂભક્ત સુમેરમલજી સુરાણા બીકાનેર વાળાનો પ્રકટ કરવાનો આ ઉદાર પ્રયાસ છે. તેઓને આવા ગુરૂભક્તિના કાર્ય માટે અમો ધન્યવાદ આપીયે છીયે.

## આ સભા તરફથી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલ અપૂર્વ ગ્રંથો.

### સૂરીશ્વરજી શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) કૃત પુસ્તકો.

| | |
|---|---|
| ૧ શ્રી જૈન તત્ત્વાદર્શ. (શાસ્ત્રી ટાઇપ.) | રૂા. ૪-૦-૦ |
| ૨ શ્રી અજ્ઞાન તિમિર ભાસ્કર (શાસ્ત્રી ટાઇપ હિંન્દી ભાષા.) | ,, ૨-૮-૦ |
| ૩ શ્રી પૂજા સંગ્રહ. (આવૃત્તી બીજી.) | ,, ૦-૮-૦ |
| ૪ શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ગ્રંથ, (આવૃત્તી બીજી.) | ,, ૦-૮-૦ |

### સૂરીશ્વરજીના શિષ્ય મંડળકૃત પુસ્તકો.

| | |
|---|---|
| ૫ શ્રી હંસવિનોદ, (મુનિરાજશ્રી હંસવિજયજી કૃત સ્તવન સંગ્રહ.) | ૦.૧૨.૦ |
| ૬ શ્રી આત્મવલ્લભ સ્તવનાવળી, (જેમાં સૂરિશ્વરજી તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજીકૃત સ્તવનો છે.) ... .... .... | ૦-૬-૦ |
| ૭ શ્રી પ્રશ્નોત્તર પુષ્પમાળા આવૃત્તી બીજી (મુનિરાજ શ્રી હંસવિજયજી કૃત.) .... .... .... .... .... .... | ૦.૧૪.૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १२ ] वीर संवत २४४०, आश्विन, आत्म संवत् १९. [ अंक ३ जो.

## પ્રભુસ્તુતિ.

### પૃથ્વીવૃત્ત.

જિનેશ હૃદયે વશી સતત[1] શાંતિને આપજો, કૃપાધર[2] કઠોર જે કલુષ[3] કર્મ તે કાપજો,
સદા સ્મરણમાં રહી હૃદય ધર્મમાં વાળજો, ભયંકર કુબંધનો ભરતણાં સદા ટાળજો. ૧

## ગુરૂસ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

આધિ વ્યાધિ ઉપાધિ રૂપ મગરો જ્યાં ઘોરરૂપે ફરે,
ઉર્મિ[4] જ્યાં સુખ દુઃખના ઉછળતા, આવેશ[5] પૂરો ધરે;
ભર્તી ઓટ બને સદૈવ ચડતી પડતી દશા રૂપથી,
તેવા ઘોર ભવાબ્ધિતારક[6] ગુરૂ નિત્યે નમો નેમથી[7]

---

૧ હંમેશા. ૨ હે દયા ધારી, ૩ પાપકર્મ. ૪ મોજા. ૫ જુસ્સો. ૬ સંસાર સાગરના.
૭ નિયમાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

॥ श्री उपाध्यायायनमः ॥

# ઉપાધ્યાયજી શ્રીમાન્ વીરવિજયજી મહારાજનું ચતુર્દશ મુનિસહ ભાવનગરમાં ચાતુર્માસ.

## ઉક્ત મહાત્માઓના ગુણગ્રામ દર્શક,

## પદ્ય.

રાગ—વહંસ.

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ ચાલ. )

ભવિ પદ **પાઠક** ધર નિત્ય નમીએ, દુઃખ દોહગને અતિ દમીએ. ॥ ભવિ ॥
(૧) **વીરવીજય** ગુરૂરાય એ પદધર, ગુણ પચવીશ સે સોહે;
દેશના અમૃત રસ સમ વયણે, ભવિજનને પ્રતિ બોહે. ॥ ભવિ ॥
**ભાવનગર** તણી જૈન પ્રજાની, અરજ સુણી તુમે આયા;
શિષ્યો સંગાથે વિહાર કરીને, [૧]જન્મભૂમિને સુહાયા. ॥ ભવિ ॥
(૨) **દાનવિજય પન્યાસ** જિહાં વળી, દાન જ્ઞાન તણું આપે;
(૩) **રંગવિજય** મુનિ મુનિ ધર્મેરત, દર્શથી આનંદ આપે. ॥ ભવિ ॥
(૪) **ભક્તિવિજય** મુનિ ભક્તિ ધર્મમાં, લીન રહે મનોહારા;
(૫) **નયવિજય** નય માર્ગ ગવેષે, જૈન આગમ અનુસારા. ॥ ભવિ ॥
(૬) **પ્રેમવિજય** મુનિ પ્રેમ વૃત્તિથી, પાત્ર તણે અનુસારે;
ભાષિત **શ્રી મહાવીરની** વાણી, હર્દમ જેહ પ્રસારે. ॥ ભવિ ॥
(૭) **યશવિજય** મુનિ માનુ યશસ્વી, (૮) **મંગળ** મંગલ કારી;
(૯) **પદ્મવિજય** પદમાસને પ્રભુનું, ધ્યાન ધરત અવિકારી. ॥ ભવિ ॥
(૧૦) **શંકર** શંકર છો તુમે સચ્ચા, ગુરૂ ગુણ ગ્રહવા શૂરા;
પ્રેરક પાવન પ્રેમ નજર સે, કઠિન કરમ સબ ચૂરા. ॥ ભવિ ॥
(૧૧) **ઉદ્યોત** અને વલી [૨]મંગળ (૧૨) **મેરૂ**, મુનિ ધરમે મહા રસીઆ;
[૩]પૂર્વ સંયોગ પિતા અને સુતનો, સાંભળી મમ મદ ગળીઆ. ॥ ભવિ ॥
(૧૩) **રામ** રમે નિજ પદમાં પ્રેમે, (૧૪) **મનોહર** મનહર જાણી;
સાંભળી હૃદય દ્રવિત હમારૂં, નાણી ચતુર્દશ વાણી. ॥ ભવિ ॥

૧—શ્રીમાન્ ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજની જન્મ ભૂમિ ભાવનગર ( વડવા ) છે.
૨—મંગળ વિજય એ (૮) આંકમાં બતાવેલ છે તે જાણવા.
૩—ઉદ્યોતવિજય પિતા અને મંગળ વિજય તથા મેરૂવિજય પુત્રપણે સંસારીપણે હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નય નિક્ષેપ પ્રમાણુ અને વળી, ભંગ કહ્યાં જિન દેવે;
તત્ત્વ રમણુતા તેહમાં જાણી, આનંદ ભવિ સહુ લેવે. ॥ ભવિ ॥
ચાતુર્માસ થશે અતિ સુંદર, કરૂણા નજર સે કૃપાળુ!
**આતમાનંદ સમાજ** આનંદે ગુરૂ ગુણ ગાવે દયાળુ! ॥ ભવિ ॥

આશ્વિન શુકલ પંચમી
ભાવનગર.
( જિજ્ઞાસુ ઉમેદવાર )

# कौतुकेऽपि धर्मः

## શું કૌતકથી ધર્મ પ્રાપ્તિ થાય છે?

## લેખક–મુનિરાજશ્રી મણિવિજયજી. મુ. લુણાવાડા.

( પુષ્પ ૧૨ સું. )

કૌતુકં—કૌતક એટલે આશ્ચર્ય. પૂર્વે કોઈવખત નહિ દેખેલું અપૂર્વ દેખવામાં આવવાથી જે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે, તેને કૌતુક કહેવાય છે.

જેમકે શ્રીમાન્ ગૌત્તમ સ્વામિ મહારાજનું શરીર મહા સ્થૂલ હતું, તથાપિ પોતાની શકિતએ કરી સૂર્યના કિરણ ગ્રહણ કરી સપાટાબંધ શ્રી અષ્ટાપદ પર્વત ઉપર આરોહણ થયા અને ત્યાં જઇ ચતુર્વિંશતિ જિનોને વંદન કર્યું. તે કૌતુક પંદરસોને ત્રણ તાપસોને વૈરાગ્ય તથા કેવળજ્ઞાનના હેતુભૂત થયું. તે–કૌતુક કહેવાય છે.

## दृष्टांतोयथाः

એકદા પ્રસ્તાવે શ્રી ગૌત્તમસ્વામિ મહારાજ પાસે ઘણા લોકોએ દિક્ષા લીધી અને તેઓ સર્વેને જલ્દી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી ગૌત્તમસ્વામિ મનને વિષે ખેદ પામયા અને વિચાર કરવા લાગ્યા કે, અરે મને કેવળજ્ઞાન કયારે થશે? અથવા થશે કે નહિ? આવી રીતે ચિંતા કરતા હતા તેવામાં ભગવાન શ્રીમહાવીરસ્વામિ મહારાજે ધર્મદેશનામાં કહ્યું કે જે કોઈ પોતાની લબ્ધિવડે કરી અષ્ટાપદ પર્વત ઉપર જઈ દેવવંદન કરે તે તેજ ભવને વિષે મુકિત પામે.

આવી રીતે મહાવીર મહારાજના વચનોને શ્રવણ કરી, શ્રીમાન ગૌત્તમસ્વામિ મહારાજ ભગવાનની આજ્ઞા લઇ અષ્ટપદ પર્વત તરફ ચાલ્યા.

ત્યાં પૂર્વે લાંબા કાળથી તપસ્યાને કરતા પંદરસોને ત્રણ તાપસો હતા, તેમાં પાંચસોને એક તાપસની શકિત એક ઉપવાસ કરવાની નિરંતર હતી. એટલે ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખેલા તાપસો ઉપવાસને પારણે આહારાદિક લઈ પાછો ઉપવાસ કરતા. એમ નિરંતર ઉપવાસ કરવાથી એક પગથીયું ચડવાની તેની શકિત હતી.

અષ્ટાપદ પર્વતા આઠ પગથીયા હતા. તે દરેક પગથીયું એક એક જોજનનું હતું તેમાં નિરંતર એકાંતર ઉપવાસ કરવાથી પાંચસોને એક તાપસને એક અષ્ટાપદનું પગથીયું ચડવાની શકિત થવાથી તેઓ એક પગથીયું ચડેલા હતા.

બીજા પાંચસોને એક તાપસને છઠ છઠ એટલે બે બે ઉપવાસ કરવાની શકિત હોવાથી, નિરંતર બબ્બે ઉપવાસના પારણા કરવાથી બે પગથીયા ચડવાની શકિત થઇ હતી. એટલે બીજા પગથીયા ઉપર ચડેલા હતા.

ત્રીજા પાંચસોને એકને નિરંતર અઠ્ઠમ કરવાની શકિત હતી, તેથી ત્રણ ત્રણ ઉપવાસના નિરંતર પારણા કરવાથી ત્રીજા પગથીયા ઉપર ચડેલા હતા.

તે સમયમાં શ્રીમાન્ ગૌત્તમસ્વામિ મહારાજ તે સર્વે તાપસોના દેખતા, સૂર્યના કિરણ ગ્રહણ કરી શીઘ્ર ચડવા લાગ્યા.

તેવી ગૌત્તમસ્વામિ મહારાજની શરીરની સ્થૂલતા દેખી સર્વે તાપસો બિચાર કરવા લાગ્યા કે અમો તપસ્યા કરી કરી, તથા પારણે પણ કંદમૂળાદિકનું ભક્ષણ કરી ઘણા કાળથી દુબળા થઇ ગયા છીએ, તોપણ આ પર્વત ઉપર ચડવાની અમારી શકિત થઇ નહિ તો આનું શરીર મહા લષ્ટપુષ્ટ છે તેથી ઉપર કેવી રીતે ચડી શકે છે !

એવો જેટલામાં કૌતુકથી વિચાર કરે છે, તેટલામાં ગૌત્તમસ્વામી મહારાજ શીઘ્ર ઉપર ચડી દેવવંદન કરી નીચે ઉતરવા લાગ્યા.

તેમની આવી અદ્દભુત શકિતથી વિસ્મય પામી, કૌતુકથી સર્વે તાપસો ગૌત્તમસ્વામીની પાછળ ચાલી કહેવા લાગ્યા કે હે પ્રભો, હે નાથ, અષ્ટાપદ ઉપર ચડવાની તમારા જેવી શકિત અમોને આપો, ત્યારે ગૌત્તમસ્વામી મહારાજે કહ્યું કે મહારા ગુરૂમહારાજના શિષ્યપણાને અંગીકાર કરો. તે સાંભળી તાપસોયે તતકાળ દિક્ષા અંગીકાર કરી.

ત્યારબાદ ગૌત્તમસ્વામિ મહારાજ સર્વેને પારણું કરાવવા માટે પાત્રું ભરી ક્ષીર લાવ્યા. તે દેખી નવીન શિષ્યો બિચાર કરવા લાગ્યા. ઘણા કાળથી ક્ષુધાથી પીડિત એવા અમારી ક્ષુધા વેદના આટલી ક્ષીરથી કેમ પૂર્ણ થશે. ૧

આવી ચિંતવના જ્યાં તેઓ કરે છે એટલામાં ગૌત્તમ સ્વામી મહારાજે પોતાના હસ્તનો અંગુઠો ક્ષીરભૃત પાત્રને વિષે રાખી, અક્ષીણ માનસી લબ્ધિવડે કરી અખૂટ ક્ષીરને કરી સમગ્ર તાપસ મુનિયોને કંઠપર્યંત ક્ષીરનું પારણું કરાવ્યું.

ત્યારબાદ ગૌત્તમસ્વામી મહારાજ બોલ્યા કે, મહારા ગુરૂમહારાજ શ્રી-

For Private And Personal Use Only

માન્ મહાવીર મહારાજ પાસે ચાલો. આવી રીતે કહેવાથી સર્વે મહાવીર મહારાજ તરફ ચાલવા લાગ્યા અને સર્વે તાપસમુનિયો અનુક્રમે કેવળજ્ઞાન પામ્યા. કહ્યું છે કેઃ—

**यतः**

**कोडिन्न दिन्नसेवाल्ल, नामए पंचपंचसयकलिए,**
**पडिबुध्धे गोअम दंसणेण, पणमामि सिध्धेअ,  ॥ १ ॥**

ભાવાર્થ—કોડિન્ન ૧ તથા દિન્ન ૨ તથા સેવાલ ૩ નામના ત્રણ તાપસ મુનિયો પોતે દરેક પાંચસો પાંચસોના પરિવારથી વ્યાપ્ત થયેલા, શ્રી ગૌત્તમ સ્વામિ મહારાજના દર્શનથી બોધ પામી દિક્ષા અંગીકાર કરી કેવળજ્ઞાન પામી સિદ્ધિપદને વર્યા તેને હું નમસ્કાર કરૂં છું.

તેઓ સર્વેને કેવળજ્ઞાન કયાં અને કેવી રીતે થયું તે કહે છે.

**यतः**

**इक्कस्स खीर भोअण, हेउ नाणुप्पिआ मुणे अव्वा,**
**बीअस्सय परिसाओ, दिठाइंजिणंमितईअस्स. ॥ १ ॥**

ભાવાર્થઃ—પંદરસો તાપસોમાંથી પાંચસોએકને ગૌત્તમસ્વામિ મહારાજની અક્ષીણમાનસી લબ્ધિ દેખી ક્ષીર ભોજન કર્યા પછી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, તથા પાંચસોએક તાપસોને ભગવાન શ્રીમાન્ મહાવીર સ્વામી મહારાજની સભા દેખી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તથા પાંચસોને એકને ભગવાન મહાવીર મહારાજના દર્શન કરવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને ત્યારબાદ સર્વે મહાત્માઓ નિર્વાણ સુખના ભોકતા થયા.

इतिकौतुके १५०३ तापस संबंध संपूर्णः

## પવિત્ર આશ્વાસન.

માનવ જાતિથી લઇને તુચ્છ કીટ પર્યંત સુખ દુઃખની જે લાગણીઓ જોવામાં આવે છે, તેનો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતાં વિલક્ષણ સ્વરૂપમાં ઓતપ્રોત થયેલી ભાસે છે એટલું જ નહિ પણ શાસ્ત્રકારો અને જ્ઞાનીઓના અપૂર્વ રહસ્યમાં વધારે વધારે તલસ્પર્શીપણું દૃષ્ટિગોચર થાય છે. આ ઉભય લાગણીઓના અનુભવ કરનારાઓ સજ્ઞાનપણે કે અજ્ઞાનપણે તે લાગણીઓને વેદે છે અને તેના સુખ દુઃખ વિગેરે નામો આપી હર્ષ કે શોકમાં નિમગ્ન થઇ વિચિત્ર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારે આ સંસારમાં સ્થૂળ નિમિત્તોને ગુણદોષમય માની પોતાની જીંદગી પૂરી કરે છે; પરંતુ વાસ્તવિક સ્વરૂપને ભેદવાની દૃષ્ટિ નહીં પ્રાપ્ત થયેલી હોવાને અંગે માનવજન્મની અમૂલ્યતા નહીં ઓળખતા અન્ય જન્મોમાં પ્રાપ્ત થતી સુખ દુઃખની લાગણીઓની જેમજ પ્રસ્તુત ઉત્તમ જન્મમાં વેદે છે અને માત્ર ફેરો પૂર્ણ કરી એકની એકજ સપાટી ઉપર રહે છે અથવા અધઃપતન પણ પામે છે.

ત્યારે સુખ અને દુઃખ એ શું છે ? એ ઉહાપોહ તરફ આવતાં પહેલાં મનુષ્યોનાં હૃદયોને ઓળખી લઈ તેમની લાગણીઓ અને સ્વભાવનું નિરીક્ષણ કરી અનુભવગોચર કરવાં જોઇએ, અને તે દ્વારા પછીથી નિર્ણય કરી સુખ દુઃખની વાસ્તવિકતા સમજી તદનુકૂળ વર્તન કરવું જોઇએ; આથી સુખ અને દુઃખ, શુભ અને અશુભ કર્મનો ઉદય સમજાશે અને પછીથી તેની લાગણીઓ આત્મા ઉપર બહુજ સ્વલ્પપણે અસર કરતી જોવામાં આવશે. સુખ દુઃખના ઉભય પ્રસંગોપર સ્વામિત્વ ત્યારેજ પ્રાપ્ત થશે, જ્યારે એ સુખ અને દુઃખનો સૂક્ષ્મ વિચાર કરી શાસ્ત્રવચનોની સાથે તેની સિદ્ધતા થશે અને તે સહજપણે આત્માને સ્પંદન રૂપ થશે.

આત્માને ક્ષણે ક્ષણે સુખવડે ગર્વિષ્ટ કરનાર અથવા દુઃખવડે દીન કરનાર એ સુખ દુઃખના નિમિત્તો એવાં પ્રબળ હોય છે કે તેના -હાસ કરવા માટે આત્માએ ઉચ્ચ કોટિએ તૈયારી કરવી જોઇએ. આ તૈયારીઓ કરતાં અનેક વિઘ્નો આવીને સન્મુખ ઉભા રહે છે. આ પ્રસંગે સ્નેહીજનનો સ્નેહ કે જેનું પરિચિતપણું નિવિડતાને પામેલું હોય છે, તે આત્માએ એક વખત કરવા ધારેલી તૈયારીને ક્ષણવારમાં ફોતરાંની પેઠે ઉડાડી મૂકે છે; સ્નેહદ્વારા થયેલો સ્વાર્થનો ઉત્કર્ષ આત્માને દુઃખમય લાગણી ઘડીભર દૂર કરી સુખમય કહેવાતી લાગણીનો સ્પર્શ કરાવે છે; તેજ લાગણી સ્વાર્થનો અપકર્ષ થતાં દુઃખમયપણામાં ફેરવાઇ જાય છે.

સુખ અને દુઃખના ઉભય પ્રસંગોમાં લાગણીઓ આત્માની સમજણ અનુસાર અધિકાર પ્રમાણે ભિન્નભિન્ન રીતે સ્ફુરે છે; એક નિર્ધન મનુષ્યને પુષ્કળ ધન પ્રાપ્ત થતાં ' હું સુખી થયો ' એમ માને છે. તેવીજ રીતે એક અપુત્રીઆને પુત્ર પ્રાપ્તિ થતાં એવીજ અવસ્થા અનુભવે છે. આ અને આવાજ ઇષ્ટ પ્રસંગો મનુષ્યોને પ્રાપ્ત થતાં સુખપરંપરા વેદે છે–તેમ માને છે; પરંતુ તેની દૃષ્ટિ સત્ય જ્ઞાનથી બેનસીબ હોવાથી એક પગલું પણ મનુષ્યત્વમાં આગળ વધી શકતો નથી, અને માનવ જન્મરૂપ ઉચ્ચતર સપાટીપર આવ્યા છતાં દિવ્ય આકાશની નજીક રહેલાં સુંદર દૃશ્યોને જોવાને માટે પ્રયત્ન નહીં કરવા આંખો મીચી દીધી છે; આથી આ સુખને વાસ્તવિક સુખ શાસ્ત્રકારોએ કહ્યું જ નથી.

દુઃખના એક પ્રસંગમાં પૂર્વ કાળના પોતાના અયોગ્ય વર્તનથી અથવા વર્ત્-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનકાલીન મિતાહારપણાના નિયમોનું ઉલ્લંઘન થવાથી જ્યારે વ્યાધિ શરીરમાં પ્રવેશ કરી પ્રબળતા મચાવી મૂકે છે તે વખતે દુઃખને આધીન થઈ શોકાદિ લાગણીઓથી નિઃશ્વાસ મૂકે છે. પરંતુ એ કાર્યફળ કોનું છે તે સમજવામાં નહીં આવેલું હોવાથી આત્માની વૃત્તિઓની ઉથલપાથલ થઇ જાય છે. પોતાની ઇષ્ટ વસ્તુઓમાં પોતે સુખ માનવું અને પોતાને અનિષ્ટ વસ્તુઓમાં પોતે દુઃખ માનવું એ માનવજાતિની ઉચ્ચ પ્રકૃતિ હોઈ શકે જ નહિ; કેમકે ઈષ્ટ વસ્તુઓમાં મનાતું સુખ જેમ ક્ષણિક છે, તેમજ અનિષ્ટ સંયોગથી થયેલું દુઃખ પણ ક્ષણિક છે.

વસ્તુસ્થિતિ આમ હોવાથી પ્રત્યેક મનુષ્યે સુખ દુઃખને વેદવાનું સામર્થ્ય-હૃદયબળ પ્રાપ્ત કરવું જોઇએ. એ હૃદયબળ પ્રાપ્ત કરવાને માટે પ્રથમ મનને સંયમન કરવાની ટેવ પાડવી જોઇએ. સુખ દુઃખના પ્રસંગો તેમની દ્રષ્ટિએ સહજ—સામાન્ય ગણાવા જોઇએ. શ્રીમદ્યશોવિજયજી કહે છે તેમ **दुःखं प्राप्य न दीनः स्यात्—सुखं प्राप्य न विस्मितः—**

" દુઃખ પામીને દીન ન થવું તેમજ સુખ પામીને વિસ્મિત ન થવું " આ સ્થિતિ સુખ દુઃખની વાસ્તવિક સ્થિતિ જાણ્યા પછી જ બની શકે તેમ છે; ઉભય પરિસ્થિતિનું નિરીક્ષણ અને પૃથક્કરણ કરવામાં આવ્યા પછી પણ જો મન તે વિષયોમાં યોગ્ય રીતે કેળવાયલું હોતું નથી—આત્મા જે તે તે લાગણીઓથી બહિર્મુખ રહેતો નથી—તો મહાપંડિત કહેવાતા પુરૂષોમાં પણ સુખ દુઃખ રૂપ પવનથી લાગતા ઝપાટાઓ પોતાની પાછળ તેમની લાગણીઓને દોરે છે અને હર્ષઘેલા કે શોકનિમગ્ન બનાવે છે.

સુખ દુઃખના આ ઉભય પ્રસંગોમાં એક એવા પવિત્ર આશ્વાસનની જરૂર છે કે જેથી માનવહૃદયમાં કઠિનતા આવી વાસ કરે, હૃદયની નબલાઇ દૂર થઇ અહંકાર અને શોકાગારમાં પ્રવેશ નહિ કરતાં ગગનવિહારી ગતિ અનુભવે; હૃદયની કોમળતા માત્ર અનુકંપા બુદ્ધિ વખતે જ પ્રકટ હોય અને પરિણામે સંગ્રહ કરેલા બળથી જીંદગીના ગમે તેવા પ્રબળ પ્રસંગો કે જે પ્રાકૃત પ્રાણીઓને સુખ દુઃખને તીવ્રપણે વેદવાના પ્રબળ નિમિત્તો હોય છે તેમને સાક્ષીરૂપે માનીને નિઃસત્વ કરી લે.

દુઃખના સંયોગથી તેનો ભોગ થઇ પડેલા મનુષ્યને એમ કહેવામાં આવે કે 'ભાઈ ! શોક, કર નહિ, થવાનું હતું તે થઇ ગયું, સૌ સારાં વાનાં થશે.' એટલું કહેવા માત્રથી તેને થતું આશ્વાસન એ યથાર્થ ફળવાળું નથી, પરંતુ સુખ અને દુઃખ ઉભયનું નિરીક્ષણ કરાવી તેના અનેક પ્રસંગોને સ્મરણ કરાવી, માનવ હૃદયની નબળાઈ શુદ્ધ સ્વરૂપમાં સમજાવવા રૂપે આ પવિત્ર આશ્વાસનનું કાર્ય હોય છે એમ સત્શાસ્ત્ર કહે છે. આ આશ્વાસનથી વિવેકદૃષ્ટિ (analytical-eye) ખુલ્લે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિકટ પ્રસંગોમાં કદી પણ અંતઃકરણ પૂર્વ પરિચિત નબળાઈનો અનુભવ કરતું નથી.

જે પ્રમાણે જૈનદર્શન નિવેદન કરે છે, તે પ્રમાણે વિચારતાં પૂર્વોકત સ્વરૂપવાળું પવિત્ર આશ્વાસન પ્રાપ્ત થાય છે. કેમકે પુણ્યકર્મનો ઉદય અને પાપકર્મનો ઉદય એ ઉભય પૂર્વે બાંધેલી પ્રકૃતિઓનું સ્વભાવ દર્શન છે; એ સ્વભાવદર્શન સાથે આત્માને કાંઈપણ લાગતું વળગતું નથી, એમ જો આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તેને કશી જ અસર ન થવી જોઇએ અથવા કદાચ થાય તો સ્વલ્પ અને અસ્થિર રહેવી જોઇએ.

દુઃખ જેમ સુખનો બોધ થવાને માટે છે અને સુખ જેમ દુઃખનો બોધ અવ્યક્તપણે આપે છે તેમ વિવેકદૃષ્ટિને વિકસ્વર કરનારૂં આશ્વાસન એ ઉભયનો બોધ થવા માટે છે. આ આશ્વાસન શાસ્ત્રકારોએ વારંવાર આપ્યા કર્યું છે, છતાં આપણી દૃષ્ટિ તેને ઝીલવામાં નિર્બળ બની ગઇ છે; સત્સમાગમ અને શાસ્ત્રપરિચય એ નિર્બળ દૃષ્ટિને વીર્યમતી કરવામાં પ્રબળ નિમિત્તો છે.

સુખ દુઃખના નિમિત્તો સ્વલ્પ કરવાં અથવા તેને અટકાવવાં તે કાંઇ ખાસ કરીને મનુષ્યના હાથની બાજી નથી; તે તો કાલ સ્વભાવાદિ પાંચ કારણોને આધીન છે; માત્ર ફળરૂપે પરિણમન થતા આત્માને વિશિષ્ટ પ્રકારની અસર ન થવા દેવી એ પોતાના સ્વાધીનમાં છે. મન કે જેનો સદા સંકલ્પ વિકલ્પ ધર્મ છે તેમાંથી આત્માને જો ઉન્મુખ કરવામાં આવે તો મન કદી ક્ષણે ક્ષણે પરાધીન બને નહિ અને એ રીતે આત્માને ઉચ્ચ કોટિમાં રક્ષી, ઉત્કાંતિક્રમનું પોષણ કરે અને જે માનસ અણુઓ એક વખતે આત્માને અધઃપતનમાં સાધનભૂત થતા હતા તેનું પરિવર્તન થઇ આત્માને માટે ઉત્તમ યોગોના દ્વારો ખુલ્લા કરી આપે. સુખ દુઃખના પ્રસંગોને નિઃસત્વ ગણી વેદવાની આ અવિચલતા પ્રાપ્ત થાય તો આત્માને એક એવું નિર્દોષ આશ્વાસન મળ્યું છે કે જેથી તેના સંકલ્પ વિકલ્પના નિઃશ્વાસો બંધ પડે છે, હૃદય શાંતિનો અનુભવ કરે છે, અને કોઈ અપૂર્વ ભાવનાની જ્યોતિઃ સદાને માટે પ્રકાશિત રહે છે.

આશ્વાસનની આ પવિત્ર ( chaste ) સ્થિતિએ પહોચવા માટે અસંખ્ય પગથીઆંઓ ચડવાના છે; જે સ્થિતિમાં હાલ આપણે છીએ તે સ્થિતિમાં સુખ દુઃખના પ્રસંગો પ્રાપ્ત થતાં કસોટીના પ્રમાણમાં તેટલાં પગથીઆંઓ ઉંચે ચડાય છે; અહીં શાંતિ અને ધૈર્યથી ચડવાનું છે. પ્રાપ્ત સંયોગોમાં સ્થૂળ નિમિત્તોને દોષ નહીં દેવો એ પ્રથમ પગથીયું ચઢવારૂપ છે. કર્મગતિ અને તેનું બળ વિચારી દૃષ્ટિની સમાનતા રાખવી એ બીજું પગથીયું ચડવું એ છે; હૃદય કઠિન કરી આત્મ બળમાં વિજળીનો ઝણઝણાટ લાવવો એ ત્રીજું પગથીયું ચડવા રૂપ છે; શાસ્ત્રની ઉકિત ભણી દૃષ્ટિ સ્થાપી શ્રદ્ધાથી પ્રસંગોને ઓળખી લેવારૂપ ચોથું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગથીયું છે; એવી રીતે અનેક પગથીઆંઓ પ્રત્યેક સ્થળે વિવિધ પ્રકારે નિવેદન કરેલાં છે.

ખાસ કરીને જન્મથી કહેવાતું સુખ અને મૃત્યુથી થતું દુઃખ એ સુખ દુઃખની તીવ્ર લાગણીઓને ઉત્પન્ન કરનાર ( constructive ) આદિથી અંતપર્યંતના સંયોગો છે; જેણે મૃત્યુને સ્વાભાવિક ધર્મ–આયુષ્યકર્મની એક વખતની પૂર્ણ સ્થિતિ જાણી છે, તેમજ જન્મેલો પ્રાણી ક્ષણે ક્ષણે આયુષ્યને ઓછું કરતો અને જલદી મરણ તરફ દિનદિન પ્રતિ પ્રયાણ કરતો અનુભવ્યો છે, તેઓમાં સુખ દુઃખની લાગણીઓને કબજે કરી લેવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. દુનિયાના પ્રસંગોમાં સુખ પ્રાપ્ત થતાં પૂર્વે અનુભવેલી દુઃખદ્ સ્થિતિ અથવા કઠણ દિવસોનો જો અનુભવ યાદ કરવામાં આવે તો સુખનો ઉભરો દુધના ઉભરામાં જલબિંદુ પડવાથી જેમ તે શમી જાય, તેમ શમી જાય છે, અને એ પણ આડકતરી રીતે સુખ દુઃખની સમાનતા કરવામાં સાધનભૂત બને છે. આમ હોઇ એક વિદ્વાને ઠીક જ કહ્યું છે કે—

परस्पृहा महा दुःखं निःस्पृहत्वं महा सुखं ।
एतदुक्तं समासेन लक्षणं सुख दुःखयोः ॥

સુખ દુઃખનું લક્ષણ પરવસ્તુને આધીન એ રીતે હોવાથી વિપત્તિ આવે અથવા આવવાનો સંભવ જણાય ત્યારે ભયથી પ્રજળ્યા કરવું, તેઓએ વિચારવાનું છે કે તેવા વિચારોના સેવનથી તે કાંઈ અટકી જવાનું નથી. માત્ર આત્મબળનો નિરર્થક વ્યય કરી તેની મૂળ સ્થિતિને પરતંત્રતામાં શામાટે જીકડવી જોઇએ ? ભલે ગમે તેવી વિપત્તિ આવે, ખાવાને અન્ન મળે નહિ, પહેરવાને ફાટયું તુટયું વસ્ત્ર મળે નહિ, તો પણ જે મનુષ્ય હૃદયમાં આશ્વાસનની શાંતિ અનુભવતો હોય છે, તે બળ જે હૃદયમાં ટકાવી રાખી બુદ્ધિને વિકસ્વર કરે છે.

પ્રત્યેક પ્રસંગે શું કરવું યોગ્ય છે તેને જોઈ શકવા સમર્થ થયેલો મનુષ્યનો આત્મા ઉન્નત થયેલો હોય છે. તે સામાન્ય મનુષ્યોની જેમ અનુચિત પ્રવૃત્તિઓમાં યોજાતો નથી. પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસના પ્રકાશમાં ( revelation ) હોવાથી આત્મબળ તે દૃઢ કરતો હોય છે અને પ્રત્યેક પ્રવૃત્તિમાં તેના હૃદયરૂપ રસને ખેંચી વિલક્ષણ સુખાસ્વાદ કરે છે, આથી સુખ અને દુઃખના પ્રસંગોમાં આત્માની ઉન્નતિ કરવી કે અવનતિ કરવી એ પોતાના જ બળનું કર્તવ્ય છે.

આથી અંતિમ પૃથક્કરણમાં એ સ્પષ્ટ થાય છે કે, મનુષ્યના બાહ્ય જીવનમાં જે જે સંયોગો પ્રાપ્ત થાય અને તેને આધીન થઈ સુખથી થતો આનંદ કે દુઃખથી થતી દીનતા એ પૂર્વપરિચિત વિચારોની પ્રબળતા છે, તેથી તે વિચારોને પ્રયત્નવડે દૂર કરી પોતાનું ભાવિ પોતાને હાથ કરી પ્રતિદિન ઉચ્ચક્રમ પ્રાપ્ત કરવા આ અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ કળા જે ગ્રહણ–સ્વાધીન કરી લેવામાં આ જન્મના અનેક કર્તવ્યો પૈકી એક કર્ત્તવ્ય છે. તેવું માની વર્ત્તનમાં મૂકવા અનિવાર્ય આવશ્યકતા છે; દુઃખમાં પ્રસન્નતાનો અનુભવ કરવો અને સુખને સમાન દૃષ્ટિએ–મધ્યસ્થપણે વેદવું, એજ જ્ઞાનીઓનો પ્રબોધેલો માર્ગ છે અને એજ એમનું પવિત્ર આશ્વાસનમય સંદેશો છે.

**શા. ફતેચંદ ઝવેરભાઇ.**
ભાવનગર.

## શ્રીમદ્ પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજનું

## વ્યાખ્યાન ત્રીજું.

( ગતાંક પૃષ્ટ ૩૩ થી ).

### સાધુ અને ગૃહસ્થનો આચાર.

**શ્રીમાન્ ગાયકવાડ સરકાર મહારાજા !**

આપની ધર્મવિષયક શ્રવણાભિલાષા થવાથી અમોએ આનંદિત થઇ પ્રથમ સામાન્યપણે દેવ, ગુરૂ અને ધર્મનું કિંચિત્ સ્વરૂપ કહ્યું, પછી સાધુધર્મનું કંઇક સ્વરૂપ કહ્યું, તે સાધુ ધર્મના સ્વરૂપની પચીશ ભાવનાઓ છે. તેમાંથી પ્રથમ ભાવના કહી, બાકી રહી તે ભાવનાઓ તથા ગૃહસ્થધર્મનું કંઇક સ્વરૂપ કહું છું, તે શ્રવણ કરશો અને શ્રવણ કરી યોગ્યાયોગ્યનો વિચાર કરવો. તે આપ સત્પુરૂષોને આધીન છે.

**॥ मंगलाचरणं ॥**

**ये नो पंडितमानिनः शमदमस्वाध्यायचिंतांचिताः**
**रागादिग्रहवंचिता न मुनिभिः संसेविता नित्यशः ।**
**नाकृष्टा विषयैर्मदैर्न मुदिता ध्याने सदा तत्परा**
**स्ते श्रीमन्मुनिपुंगवा गणिवराः कुर्वंतु नो मंगलं ॥ १ ॥**

અર્થ—જે મહા પુરૂષો પંડિતપણાના મદે કરીને રહિત અને ક્રોધાદિક શાંત કરવામાં, ઇંદ્રિયોને દમન કરવામાં, સ્વાધ્યાય કરવામાં સદા લીન છે; તેમજ રાગાદિક ગ્રહોથી ઠગાયા નથી, અને બીજા અનેક મુનિઓ જેની સેવા કરે છે, તેમજ જેઓ ઇંદ્રિયોના વિષયમાં ખેંચાતા નથી, અને જ્ઞાનાદિકની પ્રાપ્તિ થયા છતાં મદોન્મત્ત પણ થતા નથી, અને સદા ધ્યાનમાં જ મગ્ન રહે છે, તેવા શ્રીમાન મહાત્માઓ અમોને સદા મંગલ કરો. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મસાધન કરવાને સહાયકારી શરીરનું રક્ષણ કરવાની જરૂર છે. તે જેમ પ્રબળ હોય છે, તેમ ધર્મસાધનમાં વિશેષ સહાય થઈ શકે છે.

**એષણા સમિતિ.** પરંતુ તેની પ્રબળતા ઉન્મત્તતાના માર્ગે જવી ન જોઇએ, તેટલા માટે નીચેનાં વચનોને યાદ કરે—

" कायो न केवलमयं परिपालनीयो, मिष्टै रसैर्बहुविधै र्नच लालनीयः
चित्तेंद्रियाणि न चरंति यथोत्पथेषु वश्यानि येन च तथा चरितं जिनानां ॥१॥

**ભાવાર્થ**—મિષ્ટાન્નાદિ અનેક રસોવડે લાડ લડાવી માત્ર કાયાનુંજ સારી રીતે પોષણ કરવું એમ નહિ, પરંતુ જેથી મન અને ઇન્દ્રિયો ઉન્માર્ગે ગમન ન કરે અને આત્મવશ રહે તેવી રીતે કાયાનું પોષણ કરવું, જેથી તેવી કાયા વડે ધર્મસાધન સારી રીતે કરી શકાય.

સાધુ આવા પ્રકારનું ચિંતવન કરતો, સરસ આહારની લોલુપતા દુર કરી જે વખતે લોકોને ત્યાં ભોજનનો સમય થયો હોય તે વખતે ગોચરી કરવા એટલે આહારાદિક ગ્રહણ કરવા નીકળે. કહ્યું છે કે—

[1]संपत्ते भिक्खुकालंमि, असंभंतो अमुच्छिओ ।
इमेण कम्मजोगेण, भत्तपाणं गवेसए ॥ १ ॥

**ભાવાર્થ**— ભિક્ષા સમય પ્રાપ્ત થએથી મૂર્ચ્છા રહિત તથા ભ્રાન્તિ રહિત ચકોરતા પૂર્વક આ દર્શાવેલ ક્રમ મુજબ સાધુ આહાર પાણીની ગવેષણા કરે. ગૃહસ્થને ઘેર જઇ ગૃહસ્થોએ ખાસ પોતાના માટે કર્યું હોય તેમાંથી સાધુધર્મનું પાલણ થઇ શકે તેવા પ્રકારનો થોડો માત્ર આહાર ગ્રહણ કરે કે જેથી ગૃહસ્થને પોતાના માટે બીજો આહાર તૈયાર કરવાની જરૂર ન પડે. તેમજ સાધુ ઉપર અપ્રીતિ પણ ન થાય. વળી જે ઘેર સાધુ આહાર લેવા જાય. ત્યાં મનુષ્યોની મુખવિકારાદિ ચેષ્ટાઓ વડે તેમનો મનોભાવ જાણી એમ માલમ પડે કે આહાર દેવાની ઇચ્છા છે તો જ તે ગ્રહણ કરે, નહીંતો ત્યાંથી પાછો ફરી બીજે ઘેર જાય, મતલબ કે સાધુ કોઇ પણ પ્રાણીને અપ્રીતિ ઉત્પન્ન થાય તેમ કદી ન કરે. એવા પ્રકારે ઘણાં ઘર ભ્રમણ કરી આહાર સંપૂર્ણ થયેથી સ્થાનકે જાય; ત્યાં જઈ ભોજન કરતાં પણ સરસ નિરસ આહાર સંબંધી રાગદ્વેષ ન કરે, તેના દેનાર યા પકાવનારની સ્તુતિ કે નિંદા ન કરે. આ વિધિ સંબંધી અનેક ગ્રંથો જૈન દર્શનમાં છે. ખાસ પિંડનિર્યુક્તિ નામનો ગ્રંથ ૭૦૦૦ શ્લોક પ્રમાણ આહાર ગ્રહણ વિધિ ઉપર છે.

પાત્ર દંડ વસ્ત્રાદિ વસ્તુ લેવી પડે યા ભૂમિ ઉપર મુકવાની જરૂર પડે ત્યારે પ્રથમ તે વસ્તુ ચક્ષુથી જોઇ તેના ઉપર જીવાદિ હોય તો પ્રથમ

૧ દશવૈકાલિક સૂત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આદાન નિક્ષેપ.** દૂર કરી પછી રજોહરણ વડે તેને પ્રમાર્જીને વસ્તુ ગ્રહણ કરે યા-ભૂમિ ઉપર મૂકે. જોયા છતાં રજોહરણે પ્રમાર્જવાની જરૂર એટલા માટે કે કેટલાક સૂક્ષ્મ જીવો દૃષ્ટિગોચર થતા નથી; તેનું રક્ષણ થઈ શકે અને તેટલાજ માટે રજોહરણ સૂક્ષ્મ કોમળ ઉનનું બનાવવામાં આવે છે. અહર્નિશ રજોહરણ પાસે રાખવાનું પ્રયોજન પણ એજ છે પણ જે સાધુ રજોહરણનો યથાવસરે ઉપયોગ કરતો નથી, તેને જૈન શાસ્ત્રકારો પાપશ્રમણ કહે છે. કેમકે સાધુઓએ સૂક્ષ્મ સ્થૂલ સર્વ પ્રકારના જીવોની દયા પાળવાની પ્રતિજ્ઞા કરી છે. વળી '**आत्मवत् सर्वभूतेषु यः पश्यति सपश्यति**' એ વચનનું પાલણ કરવાને માટે પણ આની જરૂર છે. આ પ્રમાણે પરરક્ષા પણ થાય છે, અને શરીરાદિની પણ રક્ષા થાય છે. કેમકે ઝેરી, વીંછી, સર્પ આદિ જીવોથી પણ પોતાનો બચાવ કરી શકે છે. આ માત્ર ઉપરથી જોવા જેવું નથી, પરંતુ એના લાભાલાભની પરીક્ષા સૂક્ષ્મદૃષ્ટિ પૂર્વક કરવાની જરૂર છે.

**ઇર્યા સમિતિ.** ગમનાગમન કરવાની જરૂર પડે ત્યારે સાધુ ધુસરા-પ્રમાણ આગળ દૃષ્ટિ કરતો ચાલે. પરંતુ આડી અવળી નજર ન કરે.

**દૃષ્ટાન્નપાન ગ્રહણ.** પ્રકાશ યુક્ત જગ્યામાં સાધુ ગૃહસ્થને ત્યાંથી આહારાદિ ગ્રહણ કરે. ઘણું કરીને ગૃહસ્થોને ત્યાં આહારાદિ દેવામાં-સ્ત્રીઓનો મુખ્ય ભાગ હોય છે. ત્યાં મનોવિકારને પ્રગટ કરવામાં અંધકાર પણ એક કારણભૂત થાય છે. અંધકારમાં શુદ્ધાશુદ્ધ આહારની પરીક્ષા થઈ શકતી નથી. માટે સાધુ અંધકારવાળી જગ્યામાં આહાર ગ્રહણ ન કરે. આ પ્રમાણે પ્રથમ મહાવ્રતનું રક્ષણ કરવા માટે સાધુ દરરોજ પાંચ ભાવનાઓનું સ્મરણ કરે.

## બીજા મહાવ્રતનું રક્ષણ કરવા માટે પાંચ ભાવનાઓ.

**હાસ્ય ત્યાગ.** ૧ સત્યવ્રતનું રક્ષણ કરનારે મશ્કરીનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. કેમકે મશ્કરી કરનાર અસત્ય જ બોલે છે; વળી તેનાથી અનેક અનર્થો અવશ્ય ઉત્પન્ન થાય છે. સામા માણસનું હૃદય દુખાય છે. માટે સ્વપરહિતાર્થે મશ્કરીનો અવશ્ય ત્યાગ કરવો.

**લોભ ત્યાગ.** ૨ લોભી પ્રાણી આ સંસારરૂપી રંગભૂમિમાં કેવા કેવા પ્રકારના વેષ ભજવે છે. પુરૂષો થઈ સ્ત્રીઓનો વેષ ધારણ કરે છે, ભયંકર અટવીઓમાં ભ્રમણ કરે છે, ગહન સમુદ્રમાં ગમન કરે છે, ભિક્ષા માગે છે, કૃપણની સેવા બજાવે છે, પ્રમાણિકપણાને જલાંજલિ દે છે, વિશેષ શું કહેવું. સર્વ ગુણોનો નાશક લોભ જ્યાંસુધી ગયો નથી, ત્યાંસુધી પ્રાણીઓ અનેક અનર્થ સેવે છે. શાસ્ત્રકાર કહે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૧] कोहो पीइं विणासेइ, माणो विणयनासणो
माया मित्ताणि नासेइ, लोहोसव्व विणासणो ॥ १ ॥

**અર્થ**—ક્રોધ પ્રીતિનો નાશ કરનાર છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરનાર છે, લોભ સર્વનો નાશ કરે છે. આ વચન ઉપરથી જણાય છે કે ક્રોધ, માન, અને માયા, જ્યારે એકેક ગુણનો નાશ કરે છે, ત્યારે લોભ સર્વ ગુણોનો નાશ કરે છે. છેવટ પ્રાણનો પણ નાશ કરે છે.

જેમ સમુદ્રનો પાર પામી શકાતો નથી, તેમ લોભનો પણ પાર આવતો નથી. **'जहा लाहो तहा लोहो'** જેમ જેમ લાભની વૃદ્ધિ તેમ તેમ લોભની પણ વૃદ્ધિ થાય છે. લોભી અન્યની સાથે તો શું પરંતુ પોતાના સ્નેહીઓ અને સંબંધીઓની સાથે પણ જૂઠું બોલતાં ડરતો નથી. વિશ્વાસઘાતનો જેને કંઇ હીસાબમાં નથી. માટે સત્યવ્રતનું રક્ષણ કરનાર મુનિ અતિ સુખદાતા સંતોષનું આલંબન કરતો લોભનો ત્યાગ કરે.

**ભય ત્યાગ.**

૩ ભયભીત પ્રાણીને યોગ્યાયોગ્યનું ભાન રહેતું નથી, જેથી અસત્ય બોલવાનો સમય આવે છે. પરંતુ સત્વવાન પ્રાણી પ્રાણાંતે પણ અસત્ય બોલતો નથી. માટે સત્યવ્રતનું રક્ષણ કરનાર પ્રાણી સત્વનું આલંબન કરી ભય દૂર કરે.

**ક્રોધ ત્યાગ.**

૪ જ્ઞાનને અટકાવનાર, ચારિત્ર ધર્મનો નાશ કરનાર, દુર્ગુણોનો પક્ષપાતી અને નરકનું દ્વાર ક્રોધ છે. લાંબી મુદ્દતથી સંચિત કરેલ શુભોપાર્જનને થોડી મુદ્દતમાં ક્રોધ નાશ કરી નાંખે છે. જેને તે ઉત્પન્ન થયો હોય તેની ખરાબી કરે છે. એટલું જ નહીં, પરંતુ સામો પ્રાણી સમતાવાન ન હોય તો, તેની પણ અતિ ખરાબી કરે છે. જરા માત્ર પણ અગ્નિનો તણખો, પવનની અનુકુળતાએ આખા નગરનો નાશ કરનાર થાય છે. તેવી જ રીતે ક્રોધી પુરૂષો પણ આજુબાજુનો અનુકુળ સંયોગ મળતાં મોટા મોટા રાજ્યોની પણ ખરાબી કરનાર થયા છે. અરે! જેના પ્રભાવે મોટા મોટા મુનિઓ પણ નરકાવાસના ભોગી થયા છે. આ બાબતમાં એક મહાત્માનું નીચે પ્રમાણે વચન છે.

" अणथोवं वणथोवं, अग्गीथोवं कसायथोवं च,
न हु भे विससियव्वं, थोवंपि तं बहु होइ ॥ १ ॥

**અર્થ**—ઋણ (દેવું) વૃણ (ગુમડું) અગ્નિ અને કષાય જો કે થોડાં હોય તો પણ તેનો વિશ્વાસ ન કરવો. થોડાં પણ તે ઘણાં થઈ પડે છે. વિશેષ શું કહેવું? એ સંબંધી લખતાં પાર આવી શકે તેમ નથી.

---

૧ દશવૈકાલિક સૂત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિઓએ વચનનો ઉચ્ચાર કરતાં પહેલાં પોતામાં ક્રોધનો આવેશ હોય તો તે દૂર કરવો, અને જ્યાંસુધી શાંતતા ન હોય ત્યાં સુધી વચન ઉચ્ચારવું નહિ, કેમકે ક્રોધના આવેશમાં પ્રાણીને સામાના અછતા દૂષણ બોલવાનો પ્રસંગ આવે છે. અને તેથી પોતાના વ્રતનો ભંગ થાય છે.

**વિચાર્યા સિવાય બોલવું નહીં.**

૫ વિચાર પૂર્વક બોલવું. પોતાને શું કહેવું છે? તેનો પ્રથમથી વિચાર કરવો. વિના વિચારે જેમ આવે તેમ કદી પણ બોલવું નહીં. વિના વિચારે બોલનારને અસત્ય બોલવાનો પ્રસંગ ઘણી વખત આવી જાય છે. આવા પ્રકારની ભાવના ભાવે. આ બાબતમાં જૈન સિદ્ધાંતકારોએ દર્શાવેલ મુખ્ય ચાર પ્રકારનાં વચનો નીચે પ્રમાણે—

## વચનના વિભાગ.

સત્ય, અસત્ય, મિશ્ર અને અસત્યમૃષા તથા તેના અવાંતર ભેદોને સમ્યગ્ પ્રકારે જાણી હિત, મિત અને પ્રિય વચનો બોલે.

## ત્રીજા મહાવ્રતનું રક્ષણ.

૩ ત્રીજા મહાવ્રતનું રક્ષણ કરનાર મુનિ જો કે એક તૃણમાત્ર વસ્તુ પણ તેના સ્વામીની આજ્ઞા વિના ગ્રહણ ન કરે તો પછી બીજી વસ્તુ તો ક્યાંથી ગ્રહણ કરે? પરંતુ તેનું વિશેષતર રક્ષણ કરવા માટે નીચેના પ્રસંગો પણ સંભાળે.

૧ જે મકાનમાં સાધુ રહે તે મકાનના સ્વામીની આજ્ઞા પોતે પ્રથમ લઈ તેમાં રહે.

૨ તે મકાનના સ્વામીની વારંવાર આજ્ઞા લે, કદાપી તેની ઇચ્છા ન હોય તો ત્યાંથી તુરત નીકળી અન્ય મકાનમાં જાય.

૩ જે મકાનમાં ઉતરવું હોય તે મકાનની ભૂમિની પ્રથમથી મર્યાદા પૂર્વક યાચના કરે.

૪ જે મકાનમાં ઉતરવું હોય, તે મકાનમાં જો કદાપિ પ્રથમ કોઈ સાધુ ઉતર્યા હોય તો તેમની પણ આજ્ઞા લે, જેથી તેમને અપ્રીતિ ન થાય અને સાધર્મીક અદત્તદોષ ન લાગે.

૫ અન્ન પાણી, વસ્ત્ર પાત્ર શિષ્યાદિક જે ગ્રહણ કરે તે સર્વ ગુરૂની આજ્ઞા પૂર્વક ગ્રહણ કરે. જો તેમ ન કરે તો ગુરૂ અદત્તદોષ લાગે. જૈન શાસ્ત્રકારોએ ચાર પ્રકારનાં અદત્ત દર્શાવ્યાં છે.

| | |
|---|---|
| તીર્થંકર અદત્ત. | ગુરૂ અદત્ત. |
| સ્વામી અદત્ત. | જીવ અદત્ત. |

ઉપરના ચાર પ્રકારના અદત્તમાં કોઇપણ પ્રકારે દૂષણ ન લાગે તેવી રીતે સંયમોપયોગી વસ્તુઓને ગ્રહણ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા મહાવ્રતના રક્ષણ માટે એ પાંચ ભાવનાઓનું સ્મરણ કરે.

## ચોથા મહાવ્રતના રક્ષણાર્થે પાંચ ભાવનાઓ.

હવે ચોથું મહાવ્રત જે સઘળાં વ્રતોમાં રાજા સમાન છે, તેના રક્ષણમાં અતિ તીવ્ર ઉપયોગ રાખવાની જરૂર છે. કેમકે જૈન મુનિઓએ મન, વચન, અને કાયાથી સર્વ પ્રકારે સ્ત્રી સેવવાનો ત્યાગ કર્યો છે; તેઓ આ પ્રમાણે પોતાના વ્રતની રક્ષા કરે.

૧ જે મકાનમાં સ્ત્રી રહેતી હોય અથવા સાક્ષાત્ સ્ત્રી તો દૂર રહો, પરંતુ જ્યાં સ્ત્રીની યા તો દેવાંગનાની મૂર્ત્તિ અને તેમનાં ચિત્રો હોય તથા જે મકાનમાં નપુંસક વેદવાલાં રહેતાં હોય તથા જે મકાનમાં ગાય, ઘોડી, ભેંસ, બકરી વગેરે રહેતી હોય, જે મકાનમાં વિષયવિલાસી શબ્દોનું શ્રવણ થતું હોય, તેવા મકાનમાં સાધુ ન રહે; તથા જે આસન ઉપર સ્ત્રી બેઠી હોય, તે આસને ઓછામાં ઓછું બે ઘડી સુધી ન બેસે.

૨ સ્ત્રી સાથે રાગયુક્ત વાર્ત્તાલાપ ન કરે-રાગી સ્ત્રી સાથે-વાર્ત્તાલાપ ન કરે. સ્ત્રી સંબંધી કથા જેમકે તેમના દેશ, જાતિ, કુલ, વેષ, શરીર, અંગોપાંગ, ભાષા, સ્નેહ, શૃંગાર વિગેરે કથાઓ ન કરે.
રાગયુક્ત એવી કથા કરનારને અવશ્ય વિષયવિકારો ઉત્પન્ન થાય છે, જેથી તે મહાવ્રતનો ભંગ થાય છે.

૩ પૂર્વાવસ્થામાં વિષયાદિ સેવન કર્યાં હોય તેનું કદી પણ સ્મરણ ન કરે, કેમકે તેના સ્મરણથી વિષયવાસના અતિ પ્રજ્વલિત થઇ બ્રહ્મચર્યથી ભ્રષ્ટ કરે છે; કદી તેના સ્મરણનો સંભવ થાય તો મનને ધર્મ ધ્યાનના પ્રસંગમાં જોડી તેનાથી વિમુક્ત કરવું.

૪ સ્ત્રીઓના અંગોપાંગ રાગયુક્ત દૃષ્ટિએ આંખો ફાડીને અભિલાષા પૂર્વક કદી જોવાં નહીં. અચાનક દૃષ્ટિ પડે તો દૃષ્ટિ ખેંચી લેવી, પરંતુ રાગ પૂર્વક દેખવાં નહીં તથા શરીર સંસ્કાર ન કરવા, કેમકે તે પ્રાણીને વિષયવાસનામાં લીન કરી વ્રતથી ભ્રષ્ટ કરે છે.

૫ પ્રણીત સ્નિગ્ધ મધુરાદિ ષડ્ રસ યુક્ત ભોજન વારંવાર ન કરે તથા રૂક્ષ આહાર પણ પ્રમાણથી અધિક ન કરે. સ્નિગ્ધાદિ આહાર વારંવાર કરનારને અવશ્ય વિષયવિકાર પ્રબળ થાય છે, અને તેથી પાત થવા વખત આવે છે. પ્રમાણાદિક રૂક્ષ આહારથી પણ એ દશા થાય છે. વળી વિશુચિકાદિકે કરી શરીર ખરાબ થઈ ધર્મસાધનમાં વિઘ્ન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા પ્રકારની ભાવનાઓ વડે અંતઃકરણ વાસીત ચોથા મહાવ્રતનું રક્ષણુ કરે.

## પાંચમા મહાવ્રતના રક્ષણાર્થે પાંચ ભાવનાઓ.

પાંચમા મહાવ્રતનું રક્ષણ કરનાર મનોહર, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ વિષયોમાં આસક્તિ ન કરે તથા તેથી વિપરીત ઉપર દ્વેષ ન કરે. આ પાંચ ઇંદ્રિઓના વિષયમાં દૃષ્ટાંત સહિત ઘણું કહેવાનું છે, પરંતુ ટુંક સમય હોવાથી કહ્યું નથી. પ્રસંગોપાત આગળ કહીશ.

## ગૃહસ્થના ધર્મનું સ્વરૂપ.

હવે સાધુધર્મના સ્વરૂપથી કેટલોક ભાગ બાદ કરીને ગૃહસ્થના ધર્મનું સ્વરૂપ જણાવીએ છીએ, તે ગૃહસ્થધર્મને બાર વિભાગે કરીને જૈનશાસ્રમાં જણાવેલો છે, તેમાંથી પ્રથમ વિભાગનું કિંચિત્ સ્વરૂપ. અહિંસા વ્રતને એવી રીતે પાલન કરે કે—જે હાલતા ચાલતા કીડા આદિ નિરપરાધિ જીવો છે તેઓને મારવાની બુદ્ધિથી મારા હાથે મારૂં નહીં તેમજ બીજા પાસે પણ મરાવું નહીં. સાધુ પુરૂષો હોય તે તો એકેન્દ્રિઆદિ સર્વ જીવોની રક્ષા કરી શકે છે. તેવી રીતે ગૃહસ્થધર્મને અંગીકાર કરવાવાળાથી બની શકે નહીં વાસ્તે ઉપર બતાવેલા નિયમ પ્રમાણે આપણા વ્રતનું પાલન કરી શકે છે, અહીંયા તર્ક થાય છે, જે રાજા મહારાજાથી આ વ્રત કેવી રીતે પાળી શકાય તેમાં જાણવાનું જે સાધુ લોકો વીશ વિશ્વા (એટલે સંપૂર્ણ) **અને ગૃહસ્થ છે તે સવાવિશ્વા (એટલે સાધુની દયા કરતાં એક આની માત્ર) દયાનું પાલન કરી શકે છે,** તેનો વિચાર નીચેની ગાથાથી જણાવીએ છીએ.

१ जीवा सुहुमाथूला—संकप्पा आरंभा भवेदुविहा ।
सावराह निरवराह—सविरका चेव निरविरका ॥१॥

**અર્થ**—જીવો બે પ્રકારના છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ જીવોને સૂક્ષ્મ કહે છે. અને કીડા આદિ બે ઇંદ્રિયાદિ જીવો સ્થૂલ ગણાય છે. આ બન્ને પ્રકારના જીવોની રક્ષા સાધુ લોકો સારી રીતે કરી શકે છે, તેથી તેમની દયાને વીસવિશ્વા. (અર્થાત્ સંપૂર્ણરૂપે) ગણેલી છે. અને ગૃહસ્થોથી માત્ર કીડાદિક જે ત્રસ જીવો છે. તેનીજ દયા થઇ શકે છે તેથી વીશમાંથી અડધી થઇ ગઇ તો દશ વિશ્વા માત્ર રહી. આગે આરંભ (એટલે ગૃહાદિકનાં કર્તવ્યો) કરવાં તેમાં યત્ન કરતાં પણ કીડાઆદિ જીવોનો ઘાત થવાનો સંભવ હોય છે. તેથી તે પણ દયા બરોબર થઇ શકે નહીં પણ સંકલ્પ માત્રથી હિંસા કરૂં નહી એવો નિયમ થઇ શકે છે તેથી દશમાંથી પણ અડધી ગઈ એટલે પાંચ વિશ્વા દયા રહી

૧ યોગશાસ્ત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં પણ અપરાધી જીવોની સંપૂર્ણ દયા પળી શકે નહીં–કારણ રાજ ધર્માદિક ચાલી શકે નહીં તેમ સામાન્ય ગૃહસ્થોથી પણ સંપૂર્ણ રીતે પાળી શકાય નહીં. વાસ્તે ખરો નિયમ એવો જ લઈ શકાય કે–જે નિરપરાધી જીવો છે તેની દયા હું અવશ્ય પાળીશ તેથી પાંચ વિશ્વામાંથી પણ અડધી ગઇ એટલે અઢી વિશ્વા માત્ર રહી તેમાં પણ નિરપેક્ષ થઈ અપરાધી જીવોને ઘાતાદિક કરૂં નહીં. તેથી અઢી વિશ્વામાંથી પણ અડધી દયા ઓછી થઇ. એટલે સવાવિશ્વા નામ એક આના માત્ર જ દયા ગૃહસ્થોથી સંપૂર્ણ રીતે પાળી શકાય છે. તેવી દયા પાળતાં ગૃહસ્થોને કોઇ પણ પ્રકારની હરકત આવી શકતી નથી. આ જગોપર અહિંસાવ્રતનું સામાન્ય માત્ર સ્વરૂપ બતાવ્યું.

## બીજા વ્રતનું કિંચિત્ સ્વરૂપ.

સાધુ પુરૂષોને સર્વથા પ્રકારથી પણ જુઠું બોલવું નહીં, પણ ગૃહસ્થોથી તેવી રીતે બનવું અશકય હોવાથી પાંચ પ્રકારનાં મોટાં જુઠને તો અવશ્ય વર્જવાં—

૧ કન્યાલિક એટલે કન્યાથી માંડીને જેટલાં બે પગનાં માણુસ તેના સંબંધે જે જુઠું નહીં બોલવું તે એવી રીતીથી કે-કન્યા કાણી હોય, લુલી હોય, લંગડી આદિ ખોડવાલી હોય પણ તેનો સંબંધ કરતી વખતે તેના સાસરાવાલાને ઉંધુ–ચતું સમજાવીને બીજાની સાથે વળગાડી આપવી. અથવા કોઈ નોકર, અથવા દાસ–દાસી આદિના સંબંધે પણ તેવીજ રીતે ઉંધુ–ચતું ભરાવીને બંધ બેસાડી આપવું. એવા પ્રકારનું જુઠું ગૃહસ્થધર્મના પાલન કરવાવાળાએ અવશ્ય વર્જવું, કારણ એવા પ્રકારનું જુઠું બોલવાથી ઘણા લોકોમાં અપ્રીતિ, અવિશ્વાસી, અપયશાદિક મહા પાપ થવાનો સંભવ થાય છે. વાસ્તે આવું જુઠું બોલવું અવશ્ય વર્જવું.

૨ ગવાલીક એટલે ગાય ઘોડા આદિ સર્વ ચોપદોને લેવા માટે અથવા વેચવા માટે ઉંધુ ચતું સમજાવી બીજાના ગળે ન વળગાડે અને આપણા વ્રતની રક્ષા કરે આ બીજું પણ જુઠું ન બોલે.

૩ ભૂમ્યલીક, જમીન, ઘર, હાટ, હવેલી, બાગ, બગીચાદિ જે સ્થાવર મીલકત છે તેના માટે પણ જુઠું ન બોલે.

૪ થાપણ મોસો–કોઇ બીજા પુરૂષે આપણી પ્રતીતિ જાણીને સાક્ષી–લેખપત્ર કર્યા વિના પોતાની રકમ આદિ રક્ષા કરવાને માટે મુકી ગયો અને પરદેશાદિકથી બે ચાર વર્ષે આવીને માગણી કરતાં તદન અજાણ થઈ નામુકરર જાવું એ ચોથું જુઠું છે. તે ગૃહસ્થધર્મને પાલન કરવાવાળાએ કદાપિ પણ બોલવું નહિ.

૫ જુઠી સાક્ષી પુરવી—બે જણાના ટંટામાં એકના તરફથી લાંચ લઇને અગર શરમની ખાતર જુઠી સાક્ષી પણ નહિ પુરવી. તેમજ જુઠો લેખ પણ લખવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. તોજ આ બીજા વ્રતને પાળી શકે છે. કદાપિ સૂક્ષ્મ જુઠું બોલવાનું ભાન સહેજસાજમાં ન રહી શકે તો પણ આ ઉપર બતાવેલાં સર્વ લોકમાં હલકાં પડી જવા જેવાં તો વચન અવશ્ય બોલવાં નહિ. તો ગૃહસ્થને પણ સારો લાભ થવાનો સંભવ છે. વાસ્તે અવશ્યપણ વર્જે જ.

## હવે ત્રીજા વ્રતનું કિંચિત્ સ્વરૂપ.

મોટી ચોરી--ધાડ પાડવી, રસ્તા લુંટવા, જબરજસ્તીથી બીજાની વસ્તુ લેવી. છલકપટાદિકથી બીજાની વસ્તુ લેવી. રાજ્યના દાણની ચોરી કરવી, કોઇની અમુલ્ય વસ્તુ પડેલી લઇને છુપાવી લેવી ઈત્યાદિક જે કારણથી લોકોમાં ભંડાય અને રાજ્યમાં દંડાય તેવી ચોરી કરવી નહિ, એવો જે નિયમ પાળે તે ત્રીજા વ્રતરૂપે ગણાય છે. બાકી અલ્પ મુલ્યવાળી સાધારણ વસ્તુઓનો સર્વથા ઉપયોગ ગૃહસ્થથી ન પણ બની શકે, પણ સાધુઓએ તો તેવો પણ ઉપયોગ માલિકની રજા વિના બીલકુલ કરવો નહિ, એ પ્રમાણે ત્રીજા વ્રતનું પાલન કરે.—૩

## ચોથા વ્રતનું કિંચિત્ સ્વરૂપ.

બ્રહ્મવ્રત—સાધુઓ તો સર્વથા પ્રકારથી સ્ત્રીઓનાં સંબંધથી વિમુખ જ હોય છે, અને ગૃહસ્થોને તે નિયમ એવી રીતે પાળવો કે જે સ્ત્રીનું પાણિગ્રહણ કર્યું હોય તેનાથી જ નિર્વાહ કરવો પણ બીજા અનેક ઠેકાણે ભટકવું નહિ. તોજ આ ચોથું વ્રત પાળી શકાય છે. વિશેષ વિચાર સાધુના સ્વરૂપમાં કહેલો છે, અને ગૃહસ્થોના માટે પણ કેટલાક વિચારો બતાવેલાં છે. તે બધા વિચારો આ ટુંક વખતના ઉપદેશમાં કહી શકાય નહિ, પણ સાધારણ રીતે આપણી સ્ત્રીથી નિર્વાહ કરવાવાળાથી આ ચોથું વ્રત પણ પાળી શકાય છે.

## પાંચમા વ્રતનું કિંચિત સ્વરૂપ.

ધન તે નાળિયેરાદિ–ગોળઆદિ–ઝવેરાત આદિ ૧ ધાન્ય તે ગહુંચણાદિક ૨ ક્ષેત્ર તે બાગ, બગીચાદિક ૩ વાસ્તુક તે હાટ હવેલી આદિ ૪ રૂપ્ય તે શિક્કા વિનાની ચાંદી ૫. સુવર્ણ તે શિક્કા વિનાનું સોનું ૬. કુપદ તે ત્રાંબુ પીતળ આદિ ધાતુઓ ૭. દ્વિપદ તે દાસ–દાસી આદિ ૮. ચોપદ તે ગાય–ભેંસ આદિ ૯.

આ ઉપર લખેલી વસ્તુઓને જે પ્રમાણે આપણી સત્તામાં રાખવાનો નિયમ લીધો હોય, તેથી અધિક પ્રમાણથી રાખવાની ઇચ્છા ન કરે.

કદાચ અધિક વૃદ્ધિ થાય તો ધર્મના કાર્યોમાં ખરચ કરે. કેમકે પુણ્યના યોગથી સ્વભાવિક વૃદ્ધિ થાય. તેને કોઇ નાખી દેતું નથી. જ્યાં સુધી આ પદાર્થોનો નિયમ ન કરે ત્યાં સુધી ઇચ્છાનો નિરોધ થઇ શકતો નથી. સાધુઓને તો કોઈ પણ વસ્તુભાવ ઉપર મૂર્છા કરવી જ નહીં તોજ તેનું સાધુપણું બની શકે અને ગૃહસ્થને સર્વથા પ્રકારથી બનવું અશકય હોવાથી–ઇચ્છા પૂર્વક પ્રમાણ કરી, આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્રતને પાલન કરવું, નહિ તો બીજા કોઇ પણ પ્રકારથી સંતોષ થવો તે અતિ દુર્ઘટ છે, અને પ્રમાણ કર્યા વિના ઘણા લોકોને આ ભવમાં પણ અનેક સંકટો ભોગવવાં પડે છે તો પરલોકમાં કેમ ભોગવવાં નહી પડે; એવું જાણીને અવશ્ય આ વ્રતોનું પાલન કરવું.

સાધુઓના માટે તો આ સર્વ વ્રતોમાં સર્વથા પ્રકારથી પાલન કરવાનો આદેશ હતો--તેથી આ પાંચે વ્રતોને મહાવ્રતોના નામથી કહ્યાં હતાં અને ગૃહસ્થોના માટે સ્થૂલ સ્થૂલ વિષયને પાલન કરવાને બતાવ્યો તેથી એ પાંચે વ્રતોનાં નામને અણુવ્રતના નામથી ઓળખાવેલાં છે.

હવે એ વ્રતોને ગુણની વૃદ્ધિ કરવાવાળાં હોવાથી આગળના ત્રણ વ્રતોનું નામ પણ ગુણવ્રત તરીકે આપેલું છે, તેનો વિચાર નીચે મુજબઃ—

## હવે દિશાના પ્રમાણવાળું છઠ્ઠા ગુણવ્રતનું કિંચિત્ સ્વરૂપ.

જળના માર્ગમાં તેમજ સ્થળના માર્ગમાં અમુક અમુક ગાઉના પ્રમાણથી ઉર્ધ્વ-અધો-તીર્છી દિશા સુધી જ જવું. કદાચ પવનઆદિના કારણથી ભૂલ પડે તો વ્રતનો ભંગ ન થાય એવી રીતે આ દિશાનું પ્રમાણ કરવાથી પૂર્વના વ્રતોમાં ગુણ થવાનો સંભવ છે. તેથી એ વ્રતને પણ અંગીકાર કરવાની જરૂર છે.

## હવે ભોગોપભોગરૂપ સાતમા ગુણવ્રતનું કિંચિત્ સ્વરૂપ.

આ સાતમા ગુણવ્રતમાં–ભક્ષ્યાભક્ષ્યનો વિવેક બતાવેલો છે, તે એવી રીતે કે-૧ મદિરા, ૨ માંસ, ૩ મધુ અને ૪ માંખણ, આ ચારે વસ્તુને અંગીકાર ન કરવાથી પ્રથમનું જે દયાવ્રત છે તેને ગુણકારી થાય છે. કારણ એ છે કે મદિરા અને માંસને સ્વભાવે પણ દુષ્ટ માનેલાં છે, અને તેમાં તેજ વર્ણના સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ શાસ્ત્રકારોએ કહેલી છે–તે સિવાય ૧ વડનાં ૨ પીપલાનાં ૩ પીલુનાં ૪ કઠુંબર અને ૫ ગૂલર એ પાંચે વૃક્ષોનાં ફલોને પણ અભક્ષ્યરૂપે કહેલાં છે-કારણ એ ફળોમાં પ્રાયે ઝીણાં ઝીણાં અનેક જીવડાં તે ફળનાં બીજોની સાથે રહેલાં હોય છે તેથી તે ફળોને પણ અંગીકાર નહીં કરવાથી પ્રથમના વ્રતને ગુણ થવાનો સંભવ છે. તેમજ ઘણાં દિવસનાં કેરી આદિનાં અથાણાં તેમજ ચલિત રસાદિક વસ્તુઓ, રાત્રી ભોજનાદિકને પણ વર્જવાનું કહેલું છે. તેમજ અજાણ્યા ફલાદિકને પણ નહિ ખાવાં; કારણ આ વસ્તુઓમાં સ્વપરના જીવોના પ્રાણઘાતાદિકનો ભય રહેલો છે. ઇત્યાદિક અનેક ભક્ષ્યાભક્ષ્યનો વિવેક દર્શાવેલો છે. તેને પણ પાલન કરવાની આવશ્યકતા બતાવેલી છે. એ રીતે સાતમા વ્રતનું સ્વરૂપ કહી બતાવ્યું. ॥ ૭ ॥

આ પ્રમાણે સાત વ્રતોનું કિંચિત્ સ્વરૂપ દર્શાવ્યું. બાકીના વ્રતોનું સ્વરૂપ હવે પછી કહેવામાં આવશે. ઈત્યલં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અઢાર પાપસ્થાનક દસમું.

"રાગ"

(હરિગીત છંદ.)

તજો રાગ પાપસ્થાન દશમું, કેશરી વડરાય છે,
વિષયાભિલાષી મંત્રિ, જેના કાર્યમાં પંકાય છે;
છોરૂ પ્રપંચી પંચઈંદ્રિય, કાર્ય સકળ જમાવતા,
હરિહર બ્રહ્માપુરંદરાદિ, સબળ જે વશ નાચતા. ૧
અતિ લબ્ધિવંત આષાઢભૂતિ, નાણિનટ્ટી વશપડયા,
શ્રુતનિધિ નંદિષેણુજી, રાગેથી કોશ્યા કર ચડયા;
બાવિશ જીન પણ પૂર્વ રાગેથી, ગ્રહે વાસો વશા,
કુણહિન પામે તાગ એ વિરાગની બહોળી દશા, ૨
રાગે વહ્યા જન નરકને, નિગોદના દુઃખ ભોગવે,
છે વજ્ર બંધ સમાન તો પણ, હૃદય રાગેથિ દ્રવે;
રેતા અડગ સ્થુલિભદ્ર ચાર્તુમાસ કોશ્યાને ઘરે,
કરવા કસોટી ગયા મુનિપણ, રાગથી પાછા ફરે. ૩
રહિ રાગ વશતપ જપ કર્યા, સુત્રાર્થ મનમાં ધારતા,
તો પણ નહિં મુકિત વર્યા, ભવચક્રના ફળ ચાખતા;
ઉપાય નહીં અમૃત વિષે, જ્યાં વિષચારો શું કરે,
ગૌત્તમ તજી મહાવીરપરના, રાગને કેવલ વરે. ૪
રહનેમી ચીર નિચોવતા, રાજુલ દેખીને ચુકે,
કર્યો રાગ જેણે રાંક તેના બન્ધુ થૈ વૃત શું મુકે,
પ્રતિબોધતા રાજુલ સતી, દેવર મુનિને ઉદ્ધર્યા,
તજી રાગ આલોયણ લહિ, વૃતમાં રહી મુકિત વર્યા. ૫
જે શુભ સદાગમ સંગતે, રહિ રાગને જીતી ગયા,
ચારિત્ર ધર્મ વિવેકથી, અપ્રમત્ત શૈલેશી થયા;
નરરત્ન તેવા ધીર ન ચળે, રાગથી દ્રઢતા કદા,
"દુર્લભ" વરે સુખ શાશ્વતા, જે રાગથી ન્યારા સદા. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંવત્સરી ખાંમણાનાં પત્રો સાથે મ્હારો સંબંધ અને કર્તવ્ય દિશા સહુ સહૃદય.

## સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓને જણાવવાની જરૂર.

## લેખક—સદ્ગુણાનુરાગી મુનિ શ્રી કર્પૂરવિજયજી—ધોરાજી.

ખામણાનાં પત્રો લખવાનો પ્રચાર આપણા જૈન ભાઇઓમાં બહુ જ વધી પડયો જણાય છે. 'ખમવું અને ખમાવવું,' ઉપશાન્ત થાવું અને ઉપશાન્ત કરવું' એ પવિત્ર શાસ્ત્ર વચનો આપણને કષાય-દોષ નિવારવા માટે ઉપદિશે છે. તે પવિત્ર ઉપદેશ આવા પ્રચલિત પત્ર વ્યવહારથી સાર્થક થાય છે કે નહિ તેનો ઉંડા ઉતરી ખ્યાલ બાંધવામાં આવે તો આ ચાલુ વ્યવહારની કેટલી ઉપયોગિતા છે તે સમજી શકાય. 'જૈન પત્રના' ખાસ પર્યુષણના અંકમાં આ સંબંધે લખેલા 'બે બોલ' વાંચનાર જાણી શકશે કે જેની સાથે કંઈ પણ કલેશ યા ખેદ ઉપજયો હશે, તેને કોરાણે મૂકી અથવા તેની તરફ વાંકું મ્હોં કરી કેવળ ઉપર ચોટીયો (કુંભારની જેવો) મિચ્છામિ દુકકડ દઇને પોતે માનેલા સ્નેહીઓ સાથે છૂટથી મુખ, પત્ર કે ગમે તે વડે મિચ્છામિદુકકડની વૃષ્ટિ કરવામાં આવે છે. આ ચાલુ વ્યવહારમાં જેની સાથે કલેશ-કષાય થયા હોય તેને ખામવા-ખમાવવાની બહુધા ઉપેક્ષા કરાય છે તેથી લૂણ વગરના અન્નની જેમ શુદ્ધભાવ વગરની પવિત્ર કરણી પણ નમાલી જણાય છે. જ્ઞાનીના વચનનું લગભગ ઉલ્લંઘન થાય છે અને નકામો વખતનો અને દ્રવ્યનો પુષ્કળ વ્યય કરાય છે. તેમ છતાં 'અતિ પરિચયાત્ અવજ્ઞા' જેવું જ થાય છે. સંખ્યાબંધ છાપેલાં કાર્ડ અને કંકોતરીયો વાંચવાની કોણ દરકાર કરે છે? 'નામ ઠામ જોયું એટલે ખેલ ખલાસ' જેવું થાય છે. અને અતિ ઘણામાં થાય પણ તેવુંજ. જો કે આજે વર્ષો થયાં આ પ્રસંગે હું ભાગ્યે જ પત્રોત્તર લખી શકુ છું તેમ છતાં લગભગ ૨૦૦ જેટલા કાર્ડ કવર મ્હારે આવતાં હશે તે તપાસતાં હું થાકી જાઉં છું. તો પછી તેમને બધાને પૃથક્ પૃથક્ ઉત્તર શીરીતે આપી શકાય? તેમનું અને બીજાઓનું મન નારાજ નહિ કરતાં તેમના પવિત્ર કર્તવ્યનું કાંઇક ભાન કરાવવા જે લેખો પ્રગટ કરવા મને આંતર પ્રેરણા થઈ છે તે લેખો જો સહુ શાન્તચિત્તથી વાંચી તેમાંથી હંસવત્ સાર લેવા ધારશે તો સહુને ભવિષ્યમાં કંઇને કંઇ લાભ થઇ શકશે. પૂર્વ મહાપુરૂષોએ વૈર વિરોધનાં મૂળ બાળવા માટે જ અને સદાય સમતા રસ ઝીલવા માટે જ અતુલ પરિશ્રમ ઉઠાવી આપણને વારંવાર સદુપદેશરૂપ અમૃતસિંચન કર્યું છે, તે આપણે સમજી ને સાર્થક કરવું જોઇએ. શાણાઓને એથી શું વધારે સમજાવવું? ટુંકાણમાં જેમ આપણે સહુ પ્રભુ આજ્ઞાના આરાધક થઇએ-વિરાધક ન થઇએ તેમ સરલ માર્ગે ચાલવું જોઇએ. આપણે એવે પ્રસંગે ઉચ્ચારીએ છીએ તે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" शिव मस्तु सर्वे जगतः, परहित निरता भवन्तु भूतगणाः,
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः " તથા
" सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः सर्वे भद्राणि पश्यन्तु,
कश्चित् पाप माचरेत "

સરહસ્ય ત્રિકરણ શુદ્ધિથી ઉચ્ચારવા લક્ષ રાખવું. ઇતિશમ્.

## એક લઘુવય સાધુના સંવત્સરીપત્રનો પ્રત્યુત્તર અને તે ઉપરથી સ્વેચ્છાચારી તરૂણ વયવાળા મોકળા સાધુઓને લેવા યોગ્ય ધડો.

### લી–સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી—ધોરાજી.

તા. ૨૯–૮–૧૪

નિઃશલ્યપણે શુદ્ધ ભાવથી અરસપરસ ખમવું. અને ખમાવવું એ જૈન શાસનની અતિ ઉત્તમ નીતિ છે. તમને કુસંગથી કાળજી પૂર્વક દૂર રહેવા પ્રથમ લખેલું હતું, તે બાબતની હવે ખાત્રી થયાથી સાચું સમજાયું તે જાણીને સંતોષ. બાકી તમારૂં ભાવિ હિત વિચારીને જ એમ જણાવવામાં આવ્યું હતું. તે નહિ કે અમારી જ સોબતમાં રહેવા પણ ગમે તે સારી સુશીલ–પવિત્ર સાધુઓની સોબતમાં રહેવા સૂચના રૂપે જાણવું. જેના મનનો નિશ્ચળ પરિણામ અમુક સુસંગમાં રહીને નિજ હિત સાધવાનો જણાતો નથી, તેને તેવો નિષ્કારણ આગ્રહ શા માટે કરાય ? અને કરવાથી ફાયદો પણ શો ? તમારૂં ભલુંજ કરવું હોય તો તેવા સુસંગમાં રહેવા નિશ્ચળ પરિણામ કરી પછી તેમને વિનવશો તો તમારૂં ફરી કંઇક ઠેકાણું પડવા સંભવ છે. દરેક દરેક જૈન શ્વેતાંબર સાધુ કે જેણે જિનેશ્વર ભગવાનનો પવિત્ર ભેખ લીધો હોય; તેણે સ્વસંપ્રદાયના કોઇ પણ સાધુ સાથે લગારે ખેદ નહિ વહેતાં ઉત્તમ પ્રકારનો ભાઇચારો જાળવી રાખવો જોઇએ. તેમણે નજીવી બાબત કલેશ કરી મૂકીને પવિત્ર શાસનની વિગોવણા થાય એવું ન જ કરવું જોઇએ. ' મુખે મીઠા અને દીલમાં જૂઠા ' એ માયાવી–દંભી રીતિ પણ બીલકુલ આદરવા યોગ્ય નથીજ. આપણા ઉપરલા વર્તન ઉપરથી અંતરના વિચાર કેવા હશે તેનું અનુમાન લોકો ઝટ કરી લે છે તે યાદ રાખવું જોઇએ. આપણે પંચ સાખે કોના માટે જોગ લીધો છે તે અને વર્ષો થયાં જોગ લીધા છતાં આપણે કેટલું કમાયા છીએ તેનો ખ્યાલ ખસૂસ રાખવો જ જોઇએ. આપણે લોકોને કેવળ બોજારૂપ તો થતા નથી ? તે જાણવું- જોવું જોઇએ, અને લોકના ભાર સાથે પરભવના ભાર સામે જરૂર જોવું જોઇએ. વ્હાલા ! જો આપણે પાપનો યા પરભવનો ડર રાખી, સ્વચ્છંદતા તજીને સારી સુકૃત કમાણી કરશું અને આડે અવળે રસ્તે દોરવાઈ જઈ આત્માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મલીન નહિ કરતાં જો કોઇ ભવભીરૂ ગીતાર્થ—જ્ઞાનીને શરણે જઈ તેમને આધીન રહેશું, તો છેવટે જન્મ મરણનાં અનંત દુઃખમાંથી મુકત થઇ શકશું. બાકી તો અતોભ્રષ્ટ સ્તતોભ્રષ્ટઃ જેવા સ્વેચ્છાચારીના ભુંડા હાલ થવાના. ધિક્કાર પડો તેવી પંડિતાઇ યા દોઢ ચતુરાઇને કે જેથી પોતાનું અને પરનું ભુંડું જ કરાય. પ્રભુ તમને તેવા નાદાનની સોબતથી બચાવો ! ઇતિશમ્

## એક વયોવૃદ્ધ સાધ્વીજીના સંવત્સરી પત્રનો પ્રત્યુત્તર અને તે ઉપરથી બીજી શાણી સાધ્વીઓએ ગ્રહણ કરવા લાયક બોધ.

લેખક—સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી-ધોરાજી.

તમને સહુને અત્યાર સુધીમાં જાણતાં અજાણતાં જે કંઇ અપ્રીતિ ઉપજાવી હોય તે આદર સાથે ખમાવું છું, તે તમે સહુએ ઉદાર મનથી ખમશો. બીજી સાધ્વીઓને પણ કવચિત્ હિતબુદ્ધિથી કહેતાં દૈવયોગે ખેદ ઉપજવા પામ્યો હોય તો તેઓ પણ મોટા મનથી ખમશે એમ ઇચ્છું છું. સહુના અંતરના ખરા પરિણામ તો તેવા અતિશયવંત જ્ઞાની જ જાણી શકે છે. તેવા નિર્મળ જ્ઞાનની ભારે ખામીથી ગમે તેવી હિતબુદ્ધિથી પણ કહેવા જતાં સામાના કોઇકિનું મન દુભાય એમ કવચિત્ બનવું સંભવિત છે. છતાં આત્માર્થી સંયમવંત સાધુ સાધ્વીની એ ઉમદા ફરજ છે કે તેમણે મનમાં કશું ઓછું નહિ આણતાં હંસદ્રષ્ટિથી ગુણ માત્ર ગ્રહણ કરી લેવો, અને અરસપરસ નિઃશલ્યપણે શુદ્ધ પ્રેમભાવથી ખમવું અને ખમાવવું. પોતાને કંઇ કારણ જોગે ક્રોધાદિક કષાય થયો હોય, તો તેનું ખોટું—ખરાબ પરિણામ વિચારી જેમ બને તેમ જલદી તેને શાન્ત કરી દેવો અને ફરીને એવાં નિમિત્ત કારણથી સાવચેત રહેવું. વધારે શું ? પણ તન, મન કે વચનથી કોઇનું કશું અઘટિત થાય એવા કાર્યથી પાછા ઓસરવું. ભક્તિનો લાભ લેવો સુલભ નથી. એની વાટ વિષમી છે. તેમાં ધૈર્ય રાખી ચાલનાર કોઈ નિઃસ્વાર્થ બુદ્ધિવાળા વિરલ જનો જ તેનો વાસ્તવિક લાભ મેળવી શકે છે. પૂર્વના મહાપુરૂષોના પવિત્ર ચરિત્રો સંભારશું તો જણાશે કે તેમની પાસે આપણે કશી ગણત્રીમાં નથી. આપણે તેમની અપેક્ષાએ શું અને કેટલું ધૈર્ય રાખી આત્મહિત કરી શકીએ છીએ ? તેમ છતાં જોશું તો હરાયા ઢોર જેવાં કઇક સ્વેચ્છાચારી સાધુ સાધ્વીઓ મોજમાં આવે તેમ એકલા મોકલા મ્હાલે છે. તેમને તેવા અકૃત્યથી અટકાવવાને બદલે ઉલટા પોષણ આપી ચઢાવનારા મળે છે, એ ભારે ખેદકારક બીના છે. 'રહે તો આપથી ને જાય તો સગા બાપથી' એવી બીના હોવાથી ફક્ત ભવભીરૂ વિરલ સાધુ સાધ્વીઓ જ દેવગુરૂની આજ્ઞાને અનુસરી ચાલી શકે છે. તેમની જ બલિહારી છે. એવા ઉત્તમ આત્માઓ જ અલ્પ સમયમાં અક્ષયપદના અધિકારી થવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે એમાં કંઈ નવાઈ નથી. છેવટે સહુને એવી સદ્બુદ્ધિ જાગ્રત થાઓ! સહુને આત્મ સમાન લેખવી તેમની સાથે મૈત્રી ભાવે વર્તો! ગુણ–ગુણીને દેખી દીલમાં પ્રમુદિત બનો! દુઃખી માટે દીલમાં દાઝ ધરી તેને બનતી સહાય અર્પો! અને ગમે એવા દુષ્ટ જનને કર્મવશ વર્તી સમજી આપણું પોતાનું હિત સચવાય તેમ તેનાથી અરક્ત દ્વિષ્ટભાવે અલગા રહો! ઇતિશમ્.

## " સર્વ દુઃખનું કારણ "

### આ જહાનમાં શોક અને દુખનું કારણ પાપ છે.

સામાન્ય રીતે હવે એવું માલુમ પડવા માંડયું છે કે મોટા શહેરોમાં કમનસીબે જે શોક અને દુઃખ જણાય છે, તે શોક અને દુઃખ કુદરતી કારણોને લઇને થતું નથી, પણ મનુષ્યનું અવિચારીપણું, અજ્ઞાનતા, અનીતિ, અપ્રમાણિકપણું, જુલમ, નિર્દયતા ઇત્યાદિ અકુદરતી કારણો શોક અને દુઃખને ઉત્પન્ન કરે છે.

જો આપણે સંપૂર્ણ તંદુરસ્ત જીવન ગાળીએતો રોગથી થતું દુઃખ ઘણા પ્રમાણમાં ઓછું થઇ જશે, જો આપણે સંપૂર્ણ સત્ય અને ન્યાયી જીવન ગાળીએ અને દરેક મનુષ્યને તેના કાર્યના પ્રમાણમાં યોગ્ય બદલો આપીએ, તો ભયંકર દુઃખનું કારણ ગરીબાઇ ( Indigence ) પણ ચાલી જશે. પરમ કૃપાળુ પરમાત્મા પર શુદ્ધ ભક્તિ અને પ્રેમ રાખી જો આપણે સંપૂર્ણ નિઃસ્વાર્થ જીવન ગાળીએ તો આપણને જ્ઞાન થશે કે નિઃસ્વાર્થ પ્રેમમાં અને સેવામાં અલૌકિક ( Extra ordinary ) આનંદ રહેલો છે, તેજ સુખનું પરમ કારણ છે.

વળી વિશેષ જ્ઞાન થતાં ઈષ્ટનો વિયોગ થતાં શોક પણ થશે નહીં. આ રીતે શોકનું આ ત્રીજું મહાન કારણ દૂર થશે, પછી જગતમાં જે દુઃખ કિંવા શોક બાકી રહ્યાં તે આકસ્માતિક કારણોને લીધેના જ રહ્યાં, એટલે કે પૂર્વ ભવના કરેલ અશુભ કર્મના ઉદયે થાય છે જે ભોગવવાં પડે છે. ઉદય આવતાં તેવા દુઃખો કેટલાક તો પૂર્વે કરેલાં કર્મનો ઉદય માનતા નથી અને માની શમતા ભાવે સહન કરતા નથી.

હજુ કેટલાક લોકો એમ માને છે કે જે કૉલેરા [ cholera ] પ્લેગ (plague) ધરતીકંપ, પાણીની રેલ વિગેરે જે નુકસાન થાય છે અને દુઃખ સહન કરવું પડે છે તે તેમના પાપનું ફળ નથી, પણ આકસ્માતિક કારણોને લીધે થાય છે, અને દુઃખ સહન કરવું પડે છે. પણ તે માન્યતા જો કોઇના મનમાં હોય તો દૂર કરજો અને ચોક્કસ તે બીજું કાંઇ નહિ પણ પૂર્વકૃત પાપનો ઉદય જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જહાનમાંથી શોક અને દુઃખને હાંકી કાઢવાને માટે પાપને કાળા પાણીએ મોકલી દેશવટો આપવો જોઇએ. આ મહાન્ ધારણાને સાધ્ય કરવાને આપણામાંનો દરેક જણ શું કરી શકે? અંતર્યામી શક્તિ કે જેને માણસો ઇશ્વર કહે છે તે શક્તિને અનુકુળ આ મહાન્ કાર્યમાં પોતાની શક્તિઓ વાપરવામાં સારૂં ખોટું પારખવાની વિશેષ શક્તિ ધરાવનાર મનુષ્યોનો ઉત્તમ હક્ક છે.

આ જગત્માં દુઃખ રહેલું છે, એ પ્રશ્ને મહાન્ તત્ત્વવેત્તાઓને ગુંચવણમાં નાખ્યા છે. અને પરમાત્મા દયાળુ છે કે નહીં એવા સંદેહને તેમના હૃદયમાં સ્થાન મળ્યું છે, જે અયોગ્ય છે. આ દુનિયામાં દુઃખ નિષ્કારણ નથી પણ સકારણ છે.

પાપ કરવું તે કાંટામાં લાત મારવા જેવું છે. મનુષ્યમાં દૈવીશક્તિ રહેલી છે તે વડે તેણે ધીમે ધીમે પાપવૃત્તિ ઉપર જય મેળવવો જોઇએ. પોતાનામાં રહેલી પાપવૃત્તિ ઇશ્વરની સાથે ઐક્યતા થવામાં વિઘ્નરૂપ નીવડે છે. પોતાની અંદર રહેલું પાપ શોધી પોતાના સર્વ સામર્થ્યથી તે દૂર કરવું જોઇએ.

મનુષ્યો નીચ સ્થિતિમાં પડી રહે છે તેનું ખરૂં કારણ આત્મનિરીક્ષણ self Analysis ની ખામી છે. આત્મનિરીક્ષણથી પોતાને દુઃખ કરનાર કારણોનું તેને જ્ઞાન થાય છે, અને તેમની સામા થવાની તેની શક્તિ પ્રદિપ્ત થાય છે, અને ધીમે ધીમે તેમનાપર તે જય મેળવી શકે છે, દરેક મનુષ્યે ઓછામાં ઓછી વીશ મીનીટ પણ અહર્નિશ આત્મનિરીક્ષણ કરવામાં ગાળવી જોઇએ. તેથી જણાશે કે દુઃખનું ખરૂં કારણ પોતાનામાં જ રહેલું છે. પોતાની પાપવૃત્તિ એજ અધમાવસ્થાનું નિમિત્ત છે. આવું જ્ઞાન થતાં તેને દૂર કરવાના ઇલાજ પણ માલુમ પડશે, અને તે ઇલાજો અમલમાં મૂકવાથી પાપ સદંતર નાશ થશે ને પરમ આનંદ પ્રાપ્ત થશે. બંધુઓ! સર્વ દુઃખનું ખાસ કારણ પાપ છે, માટે ચેતીને ચાલજો. તથાસ્તુ!

| | |
|---|---|
| શ્રી જૈન બોર્ડીંગ<br>ભાવનગર. | લી૦ સાહિત્ય શોખીન,<br>**ગુલાબચંદ ઝુળચંદ બાવિશી.**<br>(ચુડા નિવાસી.) |

## શ્રી પાર્શ્વજિન સ્તવન.

### રાગ પૂરવી.

#### ગિરિવર દર્શન વિરલા પાવે એ રાગ.

ક્ષણુ ક્ષણુ સાંભરો શાન્તિ સલૂણા, ધ્યાન ભુવન જિનરાજ પરૂંણા. ક્ષ૦ ટેક
શાન્તિ જિણુંદકો નામ અમીસેં, ઉલ્લસિત હોત હમ રોમ વપુના; ક્ષ૦
ભવ ગોગાનમેં ફિરતે પાયે, છોરત મેં નહીં ચરણુ પ્રભુના. ક્ષ૦ ૧
છીલ્લરમેં રતિ કબહુ ન પાવે, જે ઝીલે જલ ગંગા યમુના; ક્ષ૦
તુમસમ હમ શિર નાથ ન થાશે, કર્મ અધૂતા દૂના ધૂના. ક્ષ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહ લરાઇમેં તેરી સહાઇ, તો ખિણમેં છિન્ન છિન્ન કરુંના! ક્ષ૦
નાંહે ઘટે પ્રભુ આનાકૂના,[1] અચિરાસુત પતિ મોક્ષવધુના. ક્ષ૦ ૩
ઓરકી પાસમેં આસ ન કરતે, ચ્યાર અનંત પસાય કરુંના, ક્ષ૦
કયોં કર માગત પાસ ધતૂરે, યુગલિક યાચક કલ્પતરુના. ક્ષ૦ ૪
ધ્યાન ખડગ વર તેરે આસંગે,* મોહ ડરે સારી ભીક ભરુના; ક્ષ૦
ધ્યાન અરૂપી તેઃ સોંઇ અરૂપી, ભકતેં ધ્યાવત તાન્યા તુન્યા. ક્ષ૦ ૫
અનુભવ રંગ વધ્યો ઉપયોગેં, ધ્યાન સુપાનમેં કાથા ચૂંના; ક્ષ૦
ચિદાનંદ ઝકઝોળ ઘટાસે, શ્રી શુભવીરવિજય પડિપુન્ના.[2] ક્ષ૦ ૬

ઇતિ.

યોજક—મુનિરાજ શ્રી કપૂરવિજયજી.

# જીવ દયાનો ફેલાવો.

## શ્રી મહાદેવીના ભકતોની દયા.

## દશેરા, નવરાત્રિ અને બીજા પ્રસંગોએ માતાજીને અપાતા પશુવધ બંધ.

**મહેરબાન સાહેબ.**

પરમકૃપાળુ જગતજનની, પરમપાવનિ શ્રી મહાદેવીને નવરાત્રિ, દશેરા તથા બીજા શુભ પ્રસંગો વખતે તેના ભાવીક ભકતો પશુઓનાં બળીદાન આપતા હતા, તે રૂઢી કેવળ અશાસ્ત્રોકત હોવાની તેઓને તેઓના દયાળુ ધર્મગુરૂઓ, પંડિતો તથા વિદ્વાનશાસ્ત્રીઓના અભિપ્રાયોથી ખાત્રી થવાથી, દયાળુ દેવી ભકતોએ ઘણાં શહેરોમાં બીચારાં નિર્દોષ જાનવરોના ભોગ દેવાના રીવાજો સદાને માટે બંધ કરી, લાખો પ્રાણીઓની આંતરડીના આશીર્વાદો મેળવવા ભાગ્યશાળી થયા છે, અને 'પશુભોગ'નાં બળીદાનને બદલે શ્રી મહાદયાળુ પરમેશ્વરી શ્રી મહાદેવીના ચર્ણકમળમાં સ્વચ્છ મેવા, મીઠાઇ, ફળ ફુલ ઇત્યાદિ સાત્વિક વસ્તુઓનાં બળીદાન અર્પણ કરવાના તેઓએ સર્વાનુમતે ઠરાવો પસાર કરેલા છે, એ હકીકત આપને આનંદદાયક થઇ પડશે. એવી આશાથી થોડાંએક મુખ્ય શહેરો કે જયાં પવિત્ર ધર્મ નિમિત્તે પશુવધ બંધ કરવાના દયાળુ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે તેનાં નામ અત્રે જણાવવા રજા લઉં છું.

**(૧) કડી પ્રાંતનાં આશરે ૧૩૦૦ ગામો (૨) ઝાલોદ, શીવગઢ વગેરે રજપુતાનાનાં આશરે ૭૮૪ ગામો (૩) ફીરોઝપુર (૪) કાનપુર (૫) અંબાલા (૬) બીકાનેર (૭) છોટા ઉદેપુર (૮) તીરલા (વીગેરે ઘણાં ગામો.)**

---

૧ આનાકાની કરવી—ના પાડવી. ૨ પૂરા—કુશળ. * આશ્રયે.

× આ સ્તવનમાં સ્તુતિકારે બહુ ભારે વીર્યઉલ્લાસથી યા અન્ય ભવ્યાત્માઓને વીર્યઉલ્લાસ ઉપજે એ રીતે પ્રભુને ચઢતે રંગે સ્તવ્યા છે. જેમ કડખાની દેશી શૌર્ય રસનું પોષણ કરીને સુભટોને પાણી ચઢાવે છે તેમ સ્તુતિકારે પણ આ ઉપરના રાગમાં એવી અસરકારક શબ્દ રચના કરી છે કે તે ગાતાં ગાનારના ગાત્રમાં જાણે નવું ચૈતન્ય—બળ રેડાતું હોય એવો અનુભવ થવા પામે. એઓશ્રીની બીજી ઘણી કૃતિઓ સુપ્રસિદ્ધ છે, તેથી તે સુપરિચિત પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ રીતે માતાજીના ભકતોએ તે ઠરાવ પસાર કર્યા છે, એટલુંજ નહિ પણ સેંકડો દયાળુ રાજયકર્તાઓએ પોતાના રાજયમાં દશેરાને નિમિત્તે આપવામાં આવતા પશુવધ સદાને માટે બંધ કર્યા છે, જેમાંનાં મુખ્ય મુબારક નામ આ નીચે પ્રદર્શીત કરતાં મને હર્ષ થાય છે.

**(૧)વડોદરા (૨) જમુ અને કાશ્મીર (૩) જુનાગઢ (૪) અલવાર (૫)ભરતપુર (૬) જામનગર (૭) ભાવનગર (૮) ઐરપુર (૯) ગોંડલ (૧૦) રાધનપુર (૧૧) ખંભાત (૧૨) ધ્રાંગધ્રા (૧૩) વાંકાનેર (૧૪) મોરબી (૧૫) રાજકોટ (૧૬) વાંસદા (૧૭) પોરબંદર (૧૯) લુણાવાડા (૨૦) કીસનગઢ (૨૨) પાલણપુર (૨૩) સચીન (૨૪) લખતર (૨૫) ધરમપુર (વીગેરે સેંકડો દેશી રાજયો.)**

## પ્રાર્થના.

એ પ્રમાણે દયાળુ રાજયકર્તાઓએ તથા પ્રજા વર્ગે નિર્દોષ જાનવરોના પવિત્ર ધર્મ નિમિત્તે થતા વધ બંધ કરવાની કૃપા કરી અગણીત નિરાધાર પ્રાણીઓના આશિર્વાદ મેળવવા ભાગ્યશાળી થયા છે, તેના દાખલાઓ લઇને જે દેશી રાજયમાં હજી પશુવધ ધર્મ નિમિત્તે થતા હોય, તે રાજ્યોના નામદાર રાજયકર્તાઓ તથા પ્રજા વર્ગના દયાળુ આગેવાનો જાનવરોના ભોગ દેવાની રૂઢી બંધ કરવાની મહેરબાની કરે તથા તેને પરિણામે આપણાં તરફથી રક્ષણની આશા રાખતાં આપણાં ગરીબડાં મુંગા પ્રાણીઓના અંતઃકરણના અગણીત આશીર્વાદ મેળવવાને તેઓ ભાગ્યશાળી થાય, અને મનુષ્ય તથા પ્રાણી માત્ર ઉપર સમદ્રષ્ટિ રાખનારી જગતની દયાળુ માતા શ્રી મહાદેવીના ભોગને માટે બીચારાં કમનસીબ મુંગાં પ્રાણીઓના લોહીની નદી વહેતી બંધ થાય તથા સર્વત્ર શાન્તિ પ્રસરે એવી પરમદયાળુ પરમેશ્વરી શ્રી મહાદેવીની પવિત્ર સેવામાં સવિનય નમ્ર પ્રાર્થના કરૂં છું.

જો કોઇપણ શહેરમાં ત્યાંના વતનીઓ અથવા નામદાર રાજયકર્તાઓ તરફથી આવા દયાળુ ઠરાવો બહાર પડે, તો તેની સત્તાવાર ખબર કોઇપણ બંધુ અમને પુરી પાડશે તો હું તેઓનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનીશ.

શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ,
૩૦૯, શરાફ બજાર, મુંબઇ નાં૦ ૨.
તા૦ ૧૮ મી સપટેમ્બર ૧૯૧૪.

સેવક,
**લલુભાઈ ગુલાબચંદ ઝવેરી.**
ઓનરરી મેનેજર,
શ્રી જી. દ. જ્ઞા. પ્ર. ફંડ.

# વર્તમાન સમાચાર.

## ( લેખક—રૂપચંદ જૈની—શાહર જંબુ—પંજાબ.

**શહર જમ્બૂમેં જૈનધર્મકા મહોત્સવ—**શહર " જમ્બૂ " રિયાસત કાશ્મીર જો કિ હિન્દુસ્તાન કયા ? સારે ભારત વર્ષમેં અનુપમ મુલ્ક હૈ, ઉસકી રાજધાનીકા નગર હૈ. યહ શહર અવર્ણનીય પાહાડકી ટેકરી જો કિ નાના પ્રકારકી વનસ્પતિયોંકી શોભાસે સુશોભિત હૈ, જિસકે ઇર્દ ગિર્દ એક નદી જિસકા નામ " તવી " હૈ, ચક્કર ખાતી હુઇ વહ રહી હૈ. જિસકી વે જહસે શહર બડા ખૂબસૂરત દિલકો આર્કષણ કરતા હૈ, યહાં પર જૈનશ્વેતામ્બરીયોંકે ઘર માત્ર બહોત કમ હૈ, તો ભી એક બડા રમણીક જૈન મન્દિર બનવાયા હૈ. કરીબન અરસા ૨૦ સાલ હુએ મુનિ મહારાજ **શ્રી પ્રેમવિજયજીકા** ચતુર્માસ યહાંપર હુઆથા. ઔર પર્યુષણકે દિનોમેં કલ્પસૂત્રજીકા મહોચ્છવ હુઆથા. યહાંકે શ્રી સંઘકી બહોત ઉત્કંઠાથી કિ ફિર ભી કિસી મુનિ મહારાજજીકા ચતુર્માસ હો. સો બડે ભાગ્યોદયસે ઇસ સાલ શ્રી શ્રી **મુનિ અમિવિજયજી** મહારાજ ઔર શ્રી **રવિવિજયજી**

For Private And Personal Use Only

મહારાજ કિ જિનકે ઉપકાર ઔર કૃપાસેં પંજાબ ભરકે શ્વેતાંબર જૈની અપને ધર્મકી બડી ઉન્નતિ કર રહે હૈં ઉન્હોને યહાં ચતુર્માસ કરનેકી કૃપાકી હૈ. ઔર યહ તજબીજ ફરમાઇ કિ પર્યુષણામેં શ્રી કલ્પસૂત્રજીકેં મહોચ્છવકે સાથ દૂસરા મહોચ્છવ શ્રી ભગવાનજીકી મૂર્તીકા ભી કિયા જાવે ! યહાંપર શ્રી સંઘકા સમુદાય સ્વલ્પ હોનેકે કારણસે ઔર કઇ તરહકી રૂકાવટકે સવબસે સંશય થા કિ, યહ કાર્ય નિર્વિઘ્નતાસે સમાપ્ત હોગા યા નહીં ? મગર મુનિ મહારાજજીકે અસરકારક ઉપદેશસે ભક્તિભાવકે જોશમેં આકર શ્રી મહારાજા સાહિબ બહાદુર સરકાર જમ્મૂ કાશ્મીરકી હજૂરમેં મહોત્સવ કરનેકી દરખાસ્ત કી જિસપર સરકારવાલા મદારને નિહાયત મહરબાની ઔર પ્રજાવાત્સલ્યકે ખ્યાલસે ના સિર્ફ ઇજાજત હી બખશી ! કિંતુ સાથમે મહોત્સવકી શોભા વઢાનેકે લિયે હર તરહકા બાદશાહી સામાન, જૈસે કિ—હાથી, ઘોડે, પાલકી, સરકારી બાજા, સામાન સજાવટ, વગેરા ભી બખશીશ ફરમાયા. ઔર ઇન્તજામ હિફાજતકો લિયે પુલિસકે ખાસ તૌરપર હુકમ ફરમાયા. ઐસે પ્રજાવત્સલ નેકદિલ મહારાજા બહાદુરજીકા જિસ કદર ધન્યવાદ કિયા જાવે થોડા હૈ ? શ્રી કલ્પસૂત્ર શાસ્ત્ર ઔર શ્રી ભગવાનજીકી મૂર્તિકા મહોત્સવ, દોનો હી લાયક દેખનેકે થે. મહોત્સવમેં મહારાજા સરકાર બહાદુરકી સબ રયાસત ઔર ભજન મંડલિયાં—હોશિયારપુર, અંબાલા, ગુજરાંવાલાં, જમ્મૂ નિહાયત શાનદાર સુનહરી પાલકીયોંમેં સુવર્ણ ઔર નગીનોંસે જડિત અલંકારોંસે સૂર્યવત્ તેજસ્વી શ્રી ભગવાનજીકી મૂર્તિ વિરાજમાનથી ॥૯॥ ઔર સભકે પીછે જરિયન ઝુલોંસે સજે હુએ હાથીથે, જિનકે ઉપર અંગ્રેજી નમૂનેકે સુવર્ણકે હૌદે સૂર્યકી તરહ ચમક રહેથે. જિસમેં શ્રી ભગવાનજીકી મૂર્તિ છત્ર ચામરાદિ પ્રાતિહાર્યોંસેં ભવ્ય જીવોંકે પાપ રૂપ અન્ધકારકો નષ્ટકર રહીથે. ! ઇસ આલીશાન મહોચ્છવકે સાથ નાગરીક લોકોંકી ઇસ કદર ભીડથી કિ, બાજાર ચૌબારે ઔર છત્તોંપર તિલ રખનેકી જગહ નથી ! ભજન મંડલીયોંકે ભજન સુણનેકે લિયે હર મજહબ ઔર જાતીકે લોક સાથ શામિલ થે. શ્રોતા ઔર દ્રષ્ટા લોક ભજનમંડલિયોંકો બડી પ્રાર્થનાસે કદમ ૨ પર ઠહરાતે થે, જિસસે સ્વારી દિનકો ૧૨ બજે નિકલકે સાઢે સાત બજે શ્રી મન્દિરજીમેં વાપિસ પહુંચી ! ઐસા મહોચ્છવ ઇસ શહરમેં જૈનોંકે લિયે પ્રથમ વાર હી સમઝના ચાહિએ. હમ પ્રાતઃ સ્મરણીય મરહૂમ જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજકે શુકર ગુજાર હૈં કિ જિનકે પ્રશિષ્ય પૂર્વોક્ત મુનિ મહારાજકે પ્રતાપસે યહ શુભ દિન હમકો પ્રાપ્ત હુઆ ! ઇતિ ॥ (મળેલું)

## શ્રી આકોલાના સંઘે કરેલો ઠરાવ.

અત્રે શ્રીમાન્ વિજયકમલસૂરીશ્વરની આજ્ઞાથી શ્રીમાન્ હંસવિજયજીના શિષ્ય મુનિરાજ શ્રી દોલતવિજયજી આદી ઠાણા ત્રણ ચાતુર્માસ રહેલા છે તેથી સંઘમાં આનંદ અને ઉત્સાહથી પર્યુષણ પર્વનું આરાધન સારૂં થયું છે.

શ્રી આકોલા જૈન બંધુઓએ પાખી પાળવાના દિવસો મુકરર કરેલા છે તે નીચે મુજબ છે અને તે મુકરર કરી પાળનારાઓએ નીચે મુજબ સહી કરી છે.

| | |
|---|---|
| ૧ ચૈત્ર શુદ ૧૩ | શ્રી મહાવીરસ્વામીના જન્મ દિવસની. |
| ૨ વૈશાખ વદી ૬ | શ્રી સિદ્ધાચળજીની વર્ષગાંઠની. |
| ૩ જેઠ શુદ ૨ | શ્રી આકોલાના દેરાસરજીની વર્ષગાંઠની. |
| ૪ ભાદરવા શુદી ૧ | શ્રી મહાવીર જન્મ વંચાય તે દિવસની. |
| ૫ ભાદરવા શુદી ૪ | શ્રી સંવચ્છરીની. |

ઉપર લખેલા દિવસોમાં આ લખાણ નીચે સહી કરનારાઓએ પોતાનો વેપારરોજગાર બંધ કરવો અને પાખી પાળવી આ કાર્ય બધાની સલાહથી થયું છે, અને તે નીચે ત્યાંના શ્રી સંઘના ૩૯ આગેવાનોએ સહી કરી છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી—સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ પંચ સૂત્ર સટીક હરિભદ્રાચાર્યકૃત | વકીલ હીરાલાલ ગોકળદાસ ખેડાવાળા તરફથી. |
| ૨ "શ્રાદ્ધગુણ વિવરણ મૂળ" | વડોદરાના શા. ચુનિલાલ હરિભાઇની વિધવા બાઇ કેવળબેન તરફથી. |
| ૩ "ચંપકમાળા કથા" | શા. ગુલાબચંદ લાલભાઇની વિ. બાઇ ફુલકોર સુરતવાળા તરફથી |
| ૪ "ધર્મરત્ન લઘુ ટીકા" | શા. ઉત્તમચંદ ખીમચંદ પાટણવાળા તરફથી. |
| ૫ "સત્તરીસય ઠાણુ સટીક" | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૬ "સિદ્ધ પ્રાભૃત સટીક" | પ્રાંતીજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીનાસ્મરણાર્થે હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૭ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" | શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા તરફથી. |
| ૮ "દાન પ્રદીપ" | શા. મુળજી ધરમશી તથા દુર્લભદાસ ધરમશી પોરબંદરવાળા તરફથી. |
| ૯ "નરકેન્દ્ર દેવેન્દ્ર સ્તવ સટીક" | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી, શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૧૦ "સંબોધ સિત્તરી સટીક" | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૧૧ "સમયસાર પ્રકરણ સટીક" | શેઠ મોતીચંદ દેવચંદ માંગરોળવાળા તરફથી. |
| ૧૨ "ગુરૂગુણષટ ત્રિશિંકા સટીક" | શા. સોમચંદ ઉત્તમચંદ માંગરોળવાળા તર. |
| ૧૩ "ષટસ્થાનક પ્ર-સટીક" | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી. |
| ૧૪ "ચૈત્યવંદન મહાભાષ્ય" | શા. પુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૧૫ "સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તર. |
| ૧૬ "ષડાવશ્યક વૃત્તિ નમિસા-કૃત" | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તર. |
| ૧૭ "પેથડ ઝાઝણ પ્રબંધ" | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તર. |
| ૧૮ "પુન્યધન ચરિત્ર" | શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તર. |
| ૧૯ "કુમારપાળ પ્રબંધ" (શ્રી જિન મંડનગણી કૃત) | શેઠ લલ્લુભાઈ નથુભાઈ પાટણવાળા તરફથી. |
| ૨૦ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી. |
| ૨૧ "શ્રાવકધર્મ વિવિધ પ્રકરણ સટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા ત. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૨ "સમ્યકત્વ કૌમુદી" સુરતના હરિપુરાના સંઘ તે તરફથી.
૨૩ અષ્ટકજી, ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજીકૃત મૂલ; અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજકૃત **જ્ઞાનમંજરી ટીકા સહીત.**
૨૪ "કલ્પસૂત્ર સુબોધિકા ટીકા" શાહ ચુનીલાલ સાકરચંદ પાટણવાળા ત.
૨૫ "પ્રાચીન ચાર કર્મ ગ્રંથ ટીકા સાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.
૨૬ "ધર્મ પરીક્ષા શ્રીજિનમંડણગણીકૃત" બે શ્રાવિકાઓ પાટણ તરફથી.
૨૭ "સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત" શા લલ્લુભાઇ ખુબચંદની વિધવા બેન મેનાબાઇ પાટણવાળા તરફથી
૨૮ "ઉપદેશ સપ્તતિકા" બ્હેન વીજળીબાઇ વડોદરાવાળા તરફથી.
૨૯ પંચ નિગ્રંથી સાવચૂરિ.
૩૦ પર્યન્ત આરાધના સાવચૂરિ.
૩૧ પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ.
૩૨ બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ.

## હાલમાં નવે ગ્રંથોની થયેલી યોજના.

૧ પંચ સંગ્રહ. શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨ ષડ્દર્શન સમુચ્ચય. શેઠ જીવણભાઇ જેચંદ. ગોઘાવાળા તરફથી.
૩ શ્રાદ્ધવિધિ. "
૪ પ્રતિમા શતક લઘુ ટીકા. શા. ગોવીંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા તરફથી
૫ બૃહતસંઘયણી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણ કૃત. એક સભા તરફથી.
૬ શ્રી રોહિણી–અશોકચંદ્ર કથા શ્લોકબદ્ધ એક ગૃહસ્થ તરફથી
૭ આચારોપદેશ સંઘવી ડાયાલાલ ગીરધર ભાવનગરવાલા તરફથી.
૮ જીવાનુશાસન સટીક. શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ ચંદન પાટણવાલા તરફથી.

## મૂળ તથા ભાષાંતર—એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૧ શ્રાદ્ધગુણ વિવરણ (ભાષાંતર) વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ભાવનગરવાળા ત.
૨ જૈન ગ્રંથગાઇડ (મુનિરાજ શ્રી વિનયવિજયજી રચિત) પાલણપુર નિવાસી ગાંધી ચેલમજી ગુમાનરામ તરફથી.
૩ તપાવળી (તમામ તપની વિધિ) શેઠ આણંદજી પરશોતમ તરફથી.

ઉપરના ગ્રંથો પૈકી કેટલાએક ગ્રંથો છપાવવા શરૂ થયા છે અને કેટલાએક ગ્રંથોની પ્રેસકોપીઓ તૈયાર થઇ છે. તે હવે પછી પ્રેસમાં મોકલવાના છે, તેમજ નવા બીજા ગ્રંથોની પણ યોજના થાય છે, તેની પણ જાહેરખબર હવે આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન તત્ત્વજ્ઞાનના સરલ અમૂલ્ય ગ્રંથો.

### મૂળ, ટીકા, અવચૂરિ અને ભાષાંતર–મૂળ અને ભાષાંતર અને એકલા ભાષાંતર વગેરે ગ્રંથો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | નવતત્ત્વનો સુંદર બોધ | મૂળ | અવચૂરિ | ભાષાંતર. | રૂા. | ૦-૧૦-૦ |
| ૯ | જીવવિચાર વૃત્તિ | ” | ” | ” | ” | ૦-૬-૦ |
| ૧૦ | દંડક વિચાર વૃત્તિ | ” | ” | ” | ” | ૦-૮-૦ |
| ૧૧ | કુમાર વિહાર શતક | ” | ” | ” | ” | ૧-૪-૦ |
| ૧૨ | શ્રી ધર્મબિન્દુ | ” | ટીકા | ” | ” | ૨-૮-૦ |
| ૧૩ | શ્રી જૈન તત્ત્વસાર | ” | | ” | ” | ૦-૬-૦ |
| ૧૪ | દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર તથા અર્થ | | | | ” | ૦-૩-૦ |
| ૧૫ | શ્રી જૈન તત્ત્વસાર. | | | ” | ” | ૦-૨-૦ |
| ૧૬ | શ્રી આત્મપ્રબોધ. | | | ” | ” | ૨-૮-૦ |
| ૧૭ | નયમાર્ગ દર્શક ( સાત નયનું સ્વરૂપ ) | | | | ” | ૦-૧૨-૦ |
| ૧૮ | મોક્ષપદ સોપાન ( ચૌદ ગુણસ્થાનનું ઉત્તમ સ્વરૂપ ) | | | | ” | ૦-૧૨-૦ |
| ૧૯ | શ્રી જંબુસ્વામિ ચરિત્ર. | | | ” | ” | ૦-૮-૦ |
| ૨૦ | શ્રી ધ્યાન વિચાર ગ્રંથ ( ચાર ધ્યાનનું સ્વરૂપ ) | | | | ” | ૦-૩-૦ |
| ૨૧ | શ્રાવક કલ્પતરૂ (શ્રાવકના બાર વ્રત પડિમા વગેરેનું સુંદર સ્વરૂપ) | | | | ” | ૦-૬-૦ |
| ૨૨ | આત્મોન્નતિ ( જૈન દર્શન સ્વરૂપ ) | | | | ” | ૦-૧૦-૦ |
| ૨૩ | પ્રકરણ પુષ્પમાળા ( છુટા છુટા પ્રકરણો મૂળ તથા ભાષાંતર સાથે) | | | | ” | ૦-૬-૦ |
| ૨૪ | ગ્રંથ ગાઇડ( મુનિરાજ શ્રી વિનયવિજયજીકૃત) (બાઈડીંગ થાય છે) | | | | ” | ૧-૦-૦ |
| ૨૫ | તપમહોદધિ–તમામ તપની વિધિ | | | | | છપાય છે. |
| ૨૬ | શ્રાદ્ધગુણ વિવરણ ( ભાષાંતર ) | | | | | છપાય છે. |
| ૨૭ | શ્રી પૂજાસંગ્રહ ,સૂરિશ્વર શ્રી વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી કૃત તમામ પૂજા.) | | | | | છપાય છે. |

### સંસ્કૃત, માગધી મૂળ, અવચૂરિ, ટીકાના ગ્રંથો ( જેને રત્નોની સંખ્યા આપવામાં આવી છે. )

| | | | |
|---|---|---|---|
| ૨૮—૧ | શ્રી સમોવસરણ સ્તવ. | રૂા. | ૦-૨-૦ |
| ૨૯—૨ | શ્રી ક્ષુલ્લક ભવાવલિ પ્રકરણમ | ” | ૦-૨-૦ |
| ૩૦—૩ | શ્રી લોક નાલિકા દ્વાત્રિંશિકા. | ” | ૦-૨-૦ |
| ૩૧—૪ | શ્રી યોનિ સ્તવ. | ” | ૦-૨-૦ |
| ૩૨—૫ | શ્રી કાલ સપ્તતિકા ભિધાનં પ્રકરણમ્ | ” | ૦-૨-૦ |
| ૩૩—૬ | શ્રી દેહ સ્થિતિ સ્તવઃ | ” | ૦-૨-૦ |
| ૩૪—૭ | શ્રી સિદ્ધ દણ્ડિકા સ્તવ તથા લઘુ અલ્પ બહુત્વ પ્રકરણમ | ” | ૦-૨-૦ |
| ૩૫—૮ | શ્રી કાય સ્થિતિ સ્તોત્રા ભિધાન પ્રકરણમ્ | ” | ૦-૨-૦ |
| ૩૬—૯ | શ્રી ભાવ પ્રકરણમ્ | ” | ૦-૨-૦ |
| ૩૭-૧૦ | શ્રી નવ તત્વ ભાષ્ય ( પ્રકરણમ્ ) | ” | ૦-૧૨-૦ |
| ૩૮-૧૧ | શ્રી વિચાર પંચાશિકા | ” | ૦-૨-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | |
|---|---|---|---|
| ૩૯-૧૨ | શ્રી બન્ધષટ્ ત્રિંશિકા. | ” | ૦-૨-૦ |
| ૪૦-૧૩ | શ્રી પરમાણું ખંડ, પુદ્ગલ તથા નિગોદષટ્ ત્રિંશિકા | ” | ૦-૩-૦ |
| ૪૧-૧૪ | શ્રી શ્રાવક વૃત ભંગાવચૂરિ | ” | ૦-૨-૦ |
| ૪૨-૧૫ | શ્રી ભાષ્યત્રયમ્ | ” | ૦-૫-૦ |
| ૪૩-૧૬ | શ્રી સિદ્ધ પંચાશિકા | ” | ૦-૨-૦ |
| ૪૪-૧૭ | શ્રી અન્નાય ઉંચ્છ કુલકમ્ | ” | ૦-૩-૦ |
| ૪૫-૧૮ | શ્રી વિચાર સપ્તતિકા | ” | ૦-૩-૦ |
| ૪૬-૨૧ | શ્રી જંબુ સ્વામિ ચરિત્ર | ” | ૦-૪-૦ |
| ૪૭-૨૨ | શ્રી રત્નપાળ નૃપ કથા | ” | ૦-૫-૦ |
| ૪૮-૨૩ | શ્રી સુક્ત રત્નાવળી | ” | ૦-૪-૦ |
| ૪૯-૨૪ | શ્રી મેઘદુત | ” | ૦-૨-૦ |
| ૫૦-૨૫ | શ્રી ચેતોદુત સમસ્યા | ” | ૦-૨-૦ |
| ૫૧-૨૬ | શ્રી પર્યુષણાષ્ટાન્હિદ વ્યાખ્યાન | ” | ૦-૬-૦ |

સિવાય બીજા ગ્રંથો છપાય છે, તેનું લીસ્ટ આ અંકમાં સામેલ છે.

૧ સંસ્કૃત મૂળ ગ્રંથો સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાન ભંડારોને ભેટ અપાય છે. જૈન બંધુઓને અલ્પ કિંમતે માત્ર નામની કીંમતે વેચાણ અપાય છે.

૨ પાઠશાળા, કન્યાશાળા કે ભાવના જેવા કાર્યો માટે અને સામટી લેનારને ઓછી કિંમતે ( કમીશનથી ) આપવામાં આવે છે.

૩ કેટલાક ગ્રંથો સિલિકમાં નથી કેટલાક ઘણાં જ થોડા છે.

૪ તમામ નફો જ્ઞાનખાતામાં અને તેવા ઉપયોગી ગ્રંથો છપાવવામાં વપરાય છે.

૫ આ સભામાં પહેલા બીજા વર્ગમાં લાઇફમેમ્બરો થનારને તમામ ગ્રંથો ભેટ આપવામાં આવે છે.

૬ ગ્રંથોદ્ધારનું કાર્ય સતત્ ચાલતું હોવાથી અનેક ગ્રંથો છપાય છે. તૈયાર થાય છે.

૭ આ સિવાય ભીમસી માણેક, જૈનધર્મ પ્રસારક સભા, નિર્ણયસાગર પ્રેસ અને તેવા જ બીજા પુસ્તક પ્રસિદ્ધ કર્તાઓના ગ્રંથો અમારે ત્યાં મળે છે જે વ્યાજબી કીંમતથી વેચવામાં આવે છે.

## સુદર્શના ચરિત્ર

### ( પ્રથમ ભાગ )

મૂળ માગધી ઉપરથી સંસ્કૃતમાં—

( અનુવાદ કરનાર—મુનિરાજ શ્રી લલિતવિજયજી )

ઉપરનો ગ્રંથ મૂળ માગધી ભાષામાં છે. જેના ઉપરથી સંસ્કૃત અનુવાદ મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજે કરેલ છે. જેના હાલમાં પણ પ્રસ્તાવ પ્રસિદ્ધ થયેલ છે. સંસ્કૃતના શરૂઆતના અભ્યાસીઓને ખાશ ઉપયોગી છે. સાધુ, સાધ્વી મહારાજાઓને ભેટ આપવામાં આવે છે. ખપી મહાત્માઓએ મહેસાણા લખવું.

તેનો બીજો ભાગ મેહેશાણાના એક શ્રાવક તરફની સહાયવડે છપાય છે.

For Private And Personal Use Only